
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૬ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૨૨




પૂજ્ય શ્રી કહાનગુરુ સંપ્રદાય પરિવર્તનધામ
સ્ટાર ઓફ ઈન્ડિયા

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● મૂળગુણો છોડીને કેવળ બાકીના ઉત્તરગુણોના પરિપાલનમાં જ પ્રયત્ન કરનાર તથા નિરંતર પૂજા આદિની ઈચ્છા રાખનાર સાધુનો આ પ્રયત્ન મૂળઘાતક થશે. કારણ કે ઉત્તરગુણોમાં દૃઢતા આ મૂળગુણોના નિમિત્તે જ પ્રાપ્ત થાય છે. તેથી આ તેનો પ્રયત્ન એવો છે કે જેમ યુદ્ધમાં કોઈ મૂર્ખ સુભટ પોતાના મસ્તકનું છેદન કરનાર શત્રુના અનુપમ પ્રહારની પરવા ન કરતાં કેવળ આંગળીના અગ્રભાગના ખંડન કરનાર પ્રહારથી જ પોતાની રક્ષા કરવાનો પ્રયત્ન કરે છે. ૧૯૨૦.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૪૦)

● ઘાત કરનેવાલા ઔર ઘાત કરનેવાલેકી પ્રસંશા કરનેવાલા ઈન દોનોંકા પાપ પરમાગમમેં સમાન હી નિર્ણય કિયા ગયા હૈં. ક્યોંકિ જૈસે ઘાત કરનેવાલેકો જો પાપ હુઆ સો ભી અશુભ પરિણામોંસે હુઆ હૈ, ઉસી પ્રકાર ભલે જાનનેવાલેકે ભી અશુભ સંકલ્પ હુએ બિના ઉસકી અનુમોદના નહિ હો સકતી હૈ; ઈસ કારણ હિંસા કરને ઔર ઉસકો ભલા જાનનેવાલેકો પાપ બરાબર લગતા હૈ.

દેખો ! સ્વયંભૂરમણ સમુદ્રમેં શાલિમત્સ્ય મહામત્સ્યકે પરિણામોંસે અપને પરિણામ મિલાકર નરકકો ગયા. યહ અન્ય કોઈ હિંસા કરે ઉસકા જો આપ અનુમોદન કરૈ તો ઉસકે સંકલ્પમાત્રસે ઉસીકે સમાન પાપ હોનેકા ઉદાહરણ હૈ. ૧૯૨૧.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૮, શ્લોક-૪૫-૪૬)

● જેમ કોઈ મૂર્ખ સુવર્ણના થાળમાં ધૂળ ભરે છે, અમૃત વડે પોતાના પગ ધૂએ છે, શ્રેષ્ઠ હાથી ઉપર લાકડાનો ભાર ઉપડાવે છે તથા કાગડાને ઉડાડવા માટે પોતાના હાથ વડે ચિંતામણિ ફેંકી દ્યે છે તેમ અજ્ઞાની જીવ પ્રાપ્ત થયેલ અત્યંત દુર્લભ મનુષ્યજન્મને પ્રમાદને વશ થઈને વ્યર્થ ગુમાવે છે. ૧૯૨૨.

(શ્રી સોમપ્રભ આચાર્ય, સુક્તિ મુક્તાવલી, શ્લોક-૫)

● જિસ મૃત્યુતૈં જીર્ણ દેહાદિક સર્વ છૂટિ નવીન હો જાય સો મૃત્યુ સત્પુરુષકે સાતાકા ઉદયકી જ્યોં હર્ષકે અર્થિ નહીં હોય કહા ? જ્ઞાનીનિકૈ તો મૃત્યુ હર્ષકે અર્થિ હી હૈ. ૧૯૨૩.

(મૃત્યુમહોત્સવ, શ્લોક-૮)

● પ્રેમ સમાન કોઈ બંધન નથી, વિષય સમાન કોઈ વિષ નથી. ક્રોધ સમાન કોઈ શત્રુ નથી. જન્મ સમાન કોઈ દુઃખ નથી. સૌથી મોટું બંધન પ્રેમ છે, સૌથી મોટું વિષ વિષય છે, સૌથી મોટો શત્રુ ક્રોધ છે. સૌથી મોટું દુઃખ જન્મ છે. ૧૯૨૪.

(શ્રી વીરનન્દિકૃત, ચંદ્રપ્રભ-ચરિત્રમાંથી)

વર્ષ–૧૬
અંક–૬




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત
૨૦૭૮
February
A.D. 2022




## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




### વિકસિત કળીના દ્રષ્ટાંતે જ્ઞાનકળાનો મહિમા દર્શાવતું

પૂજ્ય ગુરુદેવશ્રીનું મંગલ પ્રવચન

(સમયસાર કળશ ૫૫, શ્રાવણ વદ ૧)

મોહી જીવોનો અનાદિ સંસારથી દ્રવ્ય પરાવર્તન, ક્ષેત્ર પરાવર્તન, કાળ પરાવર્તન, ભાવ પરાવર્તન અને ભવ પરાવર્તનરૂપ અજ્ઞાન અંધકાર ચાલ્યો આવે છે. પંચ-પરાવર્તનમાં અહંકાર ચાલ્યો આવે છે તે દુઃખ છે, મિથ્યાત્વ છે. હું પરદ્રવ્યની ક્રિયા કરું છું, લોકોને સમજાવી શકું છું આદિરૂપ પરદ્રવ્યના કર્તૃત્વરૂપ મહા અંધકાર મોહી જીવોને અનાદિ સંસારથી ચાલ્યો આવે છે. અહો ! એકવાર પણ જો ભૂતાર્થને ગ્રહણ કરે અર્થાત્ ભૂતાર્થનો અનુભવ કરે તો દુર્નિવાર એવો અજ્ઞાન અંધકાર નાશ પામે છે.

પંચ-પરાવર્તનમાં અનાદિ સંસારથી અહંપણું કર્યું છે. હવે ગુલાંટ મારીને એકવાર જ્ઞાયકમાં અહંપણું કર ! પંચ-પરાવર્તનમાં અહંપણું છે તે સંસાર છે. હવે એકવાર પૂર્ણાનંદપ્રભુને એક સમયની પર્યાયમાં પકડ એટલે કે અનુભવ કર. પંચ-પરાવર્તન અનંતવાર કર્યું હોવાથી ભાવ-પરાવર્તન અનંતવાર કર્યું છે, એટલે કે શુભરાગનું પરાવર્તન અનંતવાર કર્યું છતાં અનાદિ સંસારનો અંત આવ્યો નથી, માટે હવે એકવાર ત્રિકાળી વસ્તુનો અનુભવ કર.

| | |
|---|---|
| **પરિપૂરણ પરજાયરૂપ કમલસ્થ કમલવત,** | કવિવર પં. બનારસીદાસજી કૃત |
| **ગુણનિકેત કમલાસમૂહ ધરનીશ ધ્યાનરત;** | **શ્રી જિનસહસ્રનામ સ્તોત્ર** |

પલટતી દશા વિનાની-પર્યાય વિનાની ત્રિકાળી એકરૂપ ધ્રુવ વસ્તુને પર્યાયમાં પકડવી-ગ્રહણ કરવી તે ધર્મરૂપી સીઢીનું પ્રથમ પગથિયું છે. પોતાની જ્ઞાનપર્યાયમાં શુદ્ધ દ્રવ્યને જેણે ગ્રહણ કર્યું છે તેને શુભરાગનો અહંકાર છૂટી જાય છે, અનાદિ સંસારથી પંચપરાવર્તનમાં અહંકાર છે તે છૂટી જાય છે. ભગવાન આત્મા જ્ઞાયક છે તે પંચ-પરાવર્તનમાં આવતો નથી. અનાદિથી પંચ-પરાવર્તનમાં અહંકાર કર્યો હોવાથી જે અહમ્ (-પોતે) છે એવા જ્ઞાયકભાવમાં અહંભાવ આવ્યો નથી.

## જ્ઞાનરૂપે પરિણમતા જ્ઞાતાને ક્રોધાદિ પોતાપણે ભાસતા નથી

વસ્તુ સ્વભાવમાત્ર છે, રાગાદિપણે વસ્તુ છે જ નહીં, તેથી વસ્તુને દૃષ્ટિમાં લેતાં સ્વભાવરૂપ-જ્ઞાનરૂપ પરિણમન થાય છે તે આત્મા છે. જ્ઞાનરૂપ પરિણમવું અને તે કાળે રુચિપૂર્વક રાગરૂપ પરિણમવું તેમ બે એક સાથે ન હોય. સ્વભાવરૂપ પરિણમતાં જ્ઞાનરૂપ પરિણમન પોતાપણે ભાસે છે પણ રાગરૂપી પરિણમન પોતાપણે ભાસતું નથી. એ રીતે જ્ઞાન અને રાગનો ભેદ જાણે છે ત્યારે રાગાદિમાં કર્તા-કર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થતાં, તેના નિમિત્તે જે બંધ થતો હતો તેની પણ નિવૃત્તિ થાય છે.

હવે, જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ થાય છે તેમ સમયસારની ગાથા ૭૧માં આચાર્યદેવ સમજાવે છે.

આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્માતણું,
જાણે વિશેષાંતર, તદા બંધન નહિ તેને થતું. ૭૧.

જગતની કોઈપણ વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને સ્વનું ભવન તે સ્વભાવ છે. માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું—જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે. જેવો સ્વભાવ છે તેવું પરિણમવું તે આત્મા છે. આત્મા જ્ઞાનસ્વભાવમાત્ર છે, તેથી જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમવું તે આત્મા છે. વસ્તુનો ત્રિકાળી સ્વભાવ તે આત્મા છે અને સ્વનું ભવન-પરિણમન થવું તે આત્મા છે. નિયમસાર ગાથા ૩૮માં ત્રિકાળી વસ્તુમાત્રને આત્મા કહ્યો છે કેમકે ત્યાં દૃષ્ટિના વિષયભૂત આત્મા સિદ્ધ કરવો છે. પરંતુ અહીં કર્તાકર્મ સિદ્ધ કરવો છે તેથી સ્વભાવરૂપ નિર્મળ પરિણમન તે આત્મા છે—એમ કહ્યું છે.

વસ્તુ સ્વભાવવાન છે, જ્ઞાનાનંદ તેનો સ્વભાવ છે ને તે સ્વભાવરૂપ પરિણમન

ભૂતિવાન ભૂતેશ ભારછમ ભર્મઉછેદક,
સિંહાસનનાયક નિરાશ નિરભયપદવેદક. ૪૧

થવું તે આત્મા છે. ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરતાં જે સ્વાભાવિક પરિણમન થયું તે આત્મા છે. પુણ્ય-પાપના ભાવ તે વિકારી પરિણામ છે. અજ્ઞાની તેને પોતાના માને છે.

નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયરૂપે પરિણમવું તે આત્મા છે પણ વિકારરૂપે થવું તે આત્મા નથી, કેમકે આત્મામાં રાગરૂપે થવું છે નહીં. શુભરાગરૂપે થવું તે સ્વભાવ પ્રત્યે ક્રોધ છે, તે ક્રોધાદિરૂપે થવું તે અણાત્મા છે.

રાગની રુચિપૂર્વક રાગરૂપ પરિણમન તે આત્મા નથી, ક્રોધાદિરૂપ પરિણમન થવું તે આસ્રવ છે, અણાત્મા છે, આત્મા નથી. જે કાળે જ્ઞાનસ્વરૂપી આત્મા જ્ઞાનપણે પરિણમે તે વખતે ક્રોધાદિનું રુચિપૂર્વક પરિણમન નથી. જ્ઞાનરૂપી પરિણમનના કાળે રાગની રુચિપૂર્વક રાગનું પરિણમવું નથી. તે કાળે રાગ હોય તેને જાણવારૂપ પરિણમે પણ જ્ઞાન રાગરૂપે પરિણમે તેમ બને નહીં. સ્વભાવનું પરિણમવું અને તે કાળે રુચિપૂર્વક રાગનું પણ પરિણમવું તેમ બે એક સાથે ન હોય. ધર્મીને રાગ આવે ખરો, પણ તે રાગને જાણતો પરિણમે છે, રાગરૂપ પરિણમતો નથી.

જ્ઞાનપણે પરિણમતા જ્ઞાન થતું માલૂમ પડે છે, જ્ઞાનપણે પરિણમતાં જ્ઞાન ને આનંદની પરિણતિ ભાસે છે અને તે વખતે ક્રોધાદિ હોય તેનું જ્ઞાન થાય છે છતાં ક્રોધાદિરૂપે થવું ભાસતું નથી.

વસ્તુ સ્વભાવમાત્ર છે, રાગાદિપણે વસ્તુ છે જ નહીં. વસ્તુને દૃષ્ટિમાં લેતા જે જ્ઞાનરૂપ પરિણમન થાય તે આત્મા છે અને તે જ્ઞાનરૂપે પરિણમતાં રાગરૂપે પરિણમવું થતું નથી. જ્ઞાનરૂપે પરિણમતા જાણવાપણે પરિણમું છું એવું જ્ઞાન થાય છે પણ તે વખતે રાગરૂપે પરિણમું છું એવું ભાસતું નથી. જેને જ્ઞાનનું પરિણમન પોતાપણે ભાસે છે તેને રાગનું પરિણમન પોતાપણે ભાસતું નથી.

વિકારની રુચિમાં વિકારપણે થવું ભાસે છે, તે વખતે રાગથી ભિન્ન જ્ઞાનપણે પરિણમવું ભાસતું નથી. સ્વભાવનો આશ્રય લીધો છે તે વખતે શાંતપણે પરિણમું છે એમ ભાસે છે, અશાંતપણે પરિણમું છું એમ ભાસતું નથી. અને વિકારરૂપ પરિણમે છે ત્યારે વિકારરૂપ પરિણમવું ભાસે છે પણ તે વખતે જ્ઞાનરૂપે પરિણમવું ભાસતું નથી. વિકારના પ્રેમની રુચિથી વિકારરૂપે પરિણમે છે ત્યારે હું જ્ઞાનરૂપ છું તેમ ભાસતું નથી.

(ક્રમશઃ) ❋

**શિવકારણ શિવકરન ભવિક બંધવ ભવનાશન,**
**નીરિરંશ નિઃસમર સિદ્ધિશાસન શિવઆસન;**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૦, બુધવાર) (ગાથા ૪૦)

દ્રવ્ય અને પર્યાયને જાણીને પણ જો ત્રિકાળી સ્વભાવનો આશ્રય ન કરે તો જીવને સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન થાય નહિ.

આત્મા ટંકોત્કીર્ણ ચૈતન્યમૂર્તિ છે અને કર્મો જડ છે; એ બંને તો ત્રિકાળ જુદા જ છે. આત્માના પર્યાયમાં જે કષાયાદિ ભાવો થાય છે તે પણ આત્મા સાથે એકમેક નથી; જો તે આત્મા સાથે એકમેક હોય તો કદી આત્માથી જુદા પડે નહિ ને મોક્ષ થાય નહિ. જેમ દરિયામાં નિર્મળ અને મેલાં મોજાં ઊઠે, તેમાં જે મેલો ભાગ છે તે તો બહારથી આવેલો છે, પાણીનું મૂળસ્વરૂપ મેલું નથી; પાણી દરિયામાં રહે છે ને મેલ બહાર નીકળી જાય છે. અને તે મેલાં કે નિર્મળ મોજાં જેટલો જ આખો દરિયો નથી; સદાય રહેનારું પાણીનું દળ તે દરિયો છે. તેમ આત્મા ચૈતન્યસમુદ્ર છે; તેમાં નિર્મળ અને મલિન એમ બે પ્રકારની અવસ્થાઓ હોય છે. નિર્મળદશા તો આત્મા સાથે અભેદ થાય છે અને વિકારભાવો ટળી જાય છે. વિકારની ઉત્પત્તિ આત્માના સ્વભાવમાંથી થતી નથી પણ બહારના લક્ષે થાય છે. તે વિકારીભાવો તો આત્માનું સ્વરૂપ નથી, ને જે નિર્મળભાવ પ્રગટે છે તેના જેટલો પણ આત્મા નથી. ત્રિકાળ ધ્રુવ ચૈતન્યસ્વભાવ છે તે શુદ્ધ આત્મા છે.

કોઈ કહે કે 'આ તો એકાંત નિશ્ચય થઈ જાય છે, પ્રમાણ રહેતું નથી!' તેનું સમાધાન : આમાં જ એકાંત ટળીને પ્રમાણ થાય છે; કેમ કે 'ત્રિકાળ ધ્રુવ ચૈતન્યસ્વભાવ છે'—એને સમજનાર કોણ છે? એ સમજનાર તો પર્યાય જ છે. સમજણરૂપી કાર્ય દ્રવ્ય-ગુણમાં થતું નથી પણ પર્યાયમાં જ થાય છે. વર્તમાન પર્યાય જ્યારે દ્રવ્યસ્વભાવ તરફ ઢળીને અભેદ થયો ત્યારે જ ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાન થયું છે. આમાં દ્રવ્ય અને પર્યાય અભેદ થયા તે જ પ્રમાણ છે. ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય સ્વભાવને 'શુદ્ધભાવ' કહેવામાં આવે છે, તે જ ધર્માત્માઓને ઉપાદેય છે. તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં લીનતા તે મોક્ષમાર્ગ છે, તે પર્યાય છે. ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચય છે અને તે દ્રવ્ય તરફ ઢળતો પર્યાય તે યથાર્થ વ્યવહાર છે.

મહાકાજ મહારાજ મારજિત મારવિહંડન,
ગુણમય દ્રવ્યસ્વરૂપ દશાધર દારિદખંડન. ૪૨

અહીં તત્ત્વદૃષ્ટિથી જીવનું વર્ણન છે, તેથી કહે છે કે આત્મસ્વભાવમાં વિકાર કે કર્મનો સંબંધ નથી. પરંતુ પર્યાયમાં મલિનતા અને કર્મનો સંબંધ છે. જો મલિન અવસ્થા ન હોય તો અત્યારે મોક્ષદશા પ્રગટ હોવી જોઈએ. અને જો તે મલિન અવસ્થા આત્મસ્વભાવમાં જ હોય તો તે કદી મલિનતા ટાળીને મોક્ષ થઈ શકે નહિ. માટે, અવસ્થામાં વિકાર છે અને તેના નિમિત્તરૂપ જડકર્મો પણ છે—એમ જાણવું જોઈએ, અને શુદ્ધ જીવતત્ત્વમાં તે કાંઈ નથી એમ જાણીને શુદ્ધ જીવતત્ત્વની શ્રદ્ધા કરવી જોઈએ.

શુદ્ધ આત્મામાં સ્થિતિબંધ નથી—એમ હવે કહે છે. આ શુદ્ધ જીવતત્ત્વને સ્થિતિબંધના સ્થાનો નથી ને તેનાં કારણરૂપ કષાયભાવો પણ નથી; જ્યારે કર્મોનું બંધન થાય છે ત્યારે તેમાં આત્મા સાથે સંબંધ રહેવાની મુદત હોય છે તેનું નામ સ્થિતિબંધ છે, તેનું કારણ કષાયભાવ છે. પરંતુ સ્થિતિબંધરૂપ કર્મો કે કષાયભાવો આત્માના સ્વભાવમાં નથી. વિકારનો ઉત્પન્નધ્વંસી સ્વભાવ છે, પુણ્ય-પાપભાવો નવા ઉપજે છે ને પાછા નાશ પામી જાય છે. આત્માનો ચૈતન્યમય વીતરાગી સ્વભાવ અવિનાશી છે, તે અનાદિ અનંત એકરૂપ છે. મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરની છે—એવી વાત શાસ્ત્રમાં આવે, તે સાંભળીને અજ્ઞાનીને એમ થાય છે કે અરરર ! એટલી બધી લાંબી સ્થિતિનું કર્મ ! પણ ભાઈ, ચૈતન્યસ્વભાવને ચૂકીને તારું લક્ષ કર્મ ઉપર ગયું છે તેથી તને કર્મનું જોર ભાસે છે. પણ તું આત્માની સ્થિતિ તો જો. આત્માની સ્થિતિ અનાદિઅનંત છે, તેની પાસે ૭૦ કોડાકોડી સાગરનો કાળ તો કાંઈ ગણતરીમાં નથી. આત્મામાં તો કર્મનો અભાવ જ છે. અનાદિઅનંત એકરૂપ આત્માની ઓળખાણ—શ્રદ્ધા કરે તેને લાંબી સ્થિતિવાળા કર્મોનો સંબંધ હોય જ નહિ.

આત્માના અનાદિઅનંત જ્ઞાનસ્વભાવને જે નથી જાણતો તેને કર્મની સ્થિતિ લંબાતી ભાસે છે, પણ આત્મામાં તો કર્મનો અભાવ જ છે—એ તેને ભાસતું નથી. કેટલાક માણસો કહે છે કે પૂર્વે ઘણા કાળથી લાંબી સ્થિતિનાં કર્મો બંધાયા હોય તે છૂટે ત્યારે ધર્મ થાય ! તેઓને અહીં કહે છે કે હે ભાઈ, આત્મામાં કર્મોની સ્થિતિ જ નથી; તારો શુદ્ધ આત્મસ્વભાવ અત્યારે જ વિકાર અને કર્મોથી રહિત છે, એની શ્રદ્ધા કર તો અત્યારે જ ધર્મ થાય. મારા આત્મામાં ભવ છે જ નહિ, ભવનું કારણ વિકાર કે કર્મો મારામાં નથી, હું અનાદિઅનંત એકરૂપ જ્ઞાનસ્વભાવ છું, હું કદી વિકારરૂપે થયો જ નથી.—આવી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. આત્મામાં સંસાર જ નથી, ભવ જ નથી અને વિકાર પણ નથી, તોપછી કર્મો આત્માને રખડાવે એ વાત તો ક્યાંથી હોય ? હું તો સિદ્ધ ભગવાન જેવો જ ત્રિકાળ છું; સિદ્ધની જેમ મારામાં પણ કર્મોની

જોગી જોગ અતીત જગત ઉદ્ધારન ઉજાગર,
જગતબંધુ જિનરાજ શીલસંચય સુખસાગર;

સ્થિતિ નથી. જો આત્મસ્વભાવમાં કર્મની સ્થિતિ હોય તો કદી તેને ટાળીને સિદ્ધદશા જ થઈ શકે નહિ. કર્મો ટળીને સિદ્ધદશા થાય છે માટે નક્કી થયું કે પહેલેથી જ તે કર્મો આત્મ-સ્વભાવથી જુદા હતા.

શુદ્ધ આત્મામાં પ્રકૃતિબંધ નથી—એમ હવે કહે છે. જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોરૂપ થવાયોગ્ય પુદ્ગલપરમાણુઓ આત્મા સાથે એકક્ષેત્રે બંધાય તે પ્રકૃતિબંધ છે. શુદ્ધ આત્મામાં આઠ પ્રકારના પ્રકૃતિબંધ નથી તેમજ તેના કારણરૂપ યોગસ્થાન પણ નથી.

જીવ જ્ઞાનગુણની અવસ્થા હીણી કરે ત્યારે જ્ઞાનાવરણીયકર્મ નિમિત્તરૂપે હોય, દર્શનગુણની હીણી અવસ્થા કરે ત્યારે દર્શનાવરણીય કર્મ નિમિત્તરૂપે હોય; એ રીતે આઠ પ્રકારનાં કર્મો છે, તે જીવનું સ્વરૂપ નથી. અને જ્ઞાન વગેરેની અધૂરી દશા પણ જીવનું સ્વરૂપ નથી. કર્મબંધમાં પ્રકૃતિનું કારણ યોગ છે. ત્રિકાળ અસંખ્ય અવયવી આત્મા ધ્રુવ છે, તેના અસંખ્ય ચૈતન્યપ્રદેશ સદા એકરૂપ છે, વર્તમાન દશામાં યોગ ગુણના વિકારને લીધે આત્માના પ્રદેશોમાં ધ્રૂજારો (કંપન) થાય છે તેના નિમિત્તે કર્મની પ્રકૃતિ બંધાય છે. પણ શુદ્ધાત્મામાં તે કોઈનો સ્વીકાર નથી.

અજ્ઞાની જીવ કર્મના સ્વભાવને જુએ છે પણ આત્માના સ્વભાવને જોતો નથી; તે એમ માને છે કે જ્ઞાનાવરણીયકર્મનો સ્વભાવ જ્ઞાનને રોકવાનો છે ને દર્શનાવરણીયકર્મનો સ્વભાવ દર્શનને રોકવાનો છે. આચાર્યદેવ કહે છે કે હે ભાઈ, તારો સ્વભાવ શુદ્ધ જ છે, તેમાં જડકર્મનો પ્રવેશ જ નથી, તો કર્મો તારામાં શું કરે ? ભવ્ય કે અભવ્ય કોઈ પણ જીવના સ્વભાવમાં કર્મપ્રકૃતિનો સ્વભાવ પ્રવેશી જતો નથી. આત્માનો સ્વભાવ અને કર્મનો સ્વભાવ ત્રણેકાળે જુદા જ છે. જીવના પર્યાયમાં જે વિકાર થાય છે તે વિકાર જડ કર્મો કરાવતાં નથી, પણ જીવ પોતે જ્યારે પ્રકૃતિના લક્ષે વિકારરૂપ પરિણમે છે ત્યારે આરોપથી કર્મપ્રકૃતિને વિકારનું કારણ કહેવાય છે, ખરેખર કર્મો વિકાર કરાવતાં નથી. (ક્રમશઃ) ❊

પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.

અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવવા છતાં પણ તું તેને દેખતો નથી. કેમ ?-કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી પરદ્રવ્યોની સાથે એકત્વબુદ્ધિથી સ્વદ્રવ્યને દેખી શકતો નથી. પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

મહાશૂર સુખસદન તરનતારન તમનાશન,
અગનિતનામ અનંતધામ નિરમદ નિરવાસન. ૪૩



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**सव्वाणं पज्जयाणं अविज्जमाणाण होदि उप्पत्ती ।**
**कालाईलद्धीए अणाइणिहणम्मि दव्वम्मि ।।२४४।।**

અર્થ :—અનાદિનિધન દ્રવ્યોમાં કાળાદિ લબ્ધિથી સર્વ અવિદ્યમાન પર્યાયોની જ ઉત્પત્તિ છે.

ભાવાર્થ :—અનાદિનિધન દ્રવ્યમાં કાળાદિ લબ્ધિથી અવિદ્યમાન અર્થાત્ અણછતી પર્યાય ઊપજે છે. પણ એમ નથી કે 'બધી પર્યાયો એક જ સમયમાં વિદ્યમાન છે તે ઢંકાતી–ઊઘડતી જાય છે.' પરંતુ સમયે સમયે ક્રમપૂર્વક નવીન નવીન જ પર્યાયો ઊપજે છે. દ્રવ્ય તો ત્રિકાળવર્તી સર્વ પર્યાયોનો સમુદાય છે અને કાળભેદથી પર્યાયો ક્રમે થાય છે.

આ વિષયમાં મોક્ષમાર્ગપ્રકાશકમાં નીચે પ્રમાણે કહ્યું છે—

'અહીં પ્રશ્ન છે કે મોક્ષનો ઉપાય કાળલબ્ધિ આવતા ભવિતવ્યાનુસાર બને છે કે મોહાદિના ઉપશમ થવાથી બને છે, કે પોતાના પુરુષાર્થથી ઉદ્યમ કરવાથી બને છે તે કહો. અહીં જો પહેલા બે કારણો મળવાથી બને છે તો અમને ઉપદેશ શા માટે આપો છો? અને જો પુરુષાર્થથી બનતો હોય તો ઉપદેશ તો બધા સાંભળે છે, પણ તેમાંથી કોઈક તેનો ઉપાય કરી શકે છે કોઈ કરી શકતું નથી તેનું કારણ શું?

સમાધાન :—એક કાર્ય થવામાં અનેક કારણ મળે છે. માટે મોક્ષનો ઉપાય બને છે, ત્યાં તો પૂર્વોક્ત ત્રણેય કારણ મળે છે અને નથી બનતો, ત્યાં ત્રણેય કારણ બનતા નથી. ઉપર કહેલા ત્રણ કારણોમાં કાળલબ્ધિ કે હોનહાર તો કોઈ વસ્તુ નથી, જે કાળે કાર્ય થયું તે કાળલબ્ધિ અને જે કાર્ય થયું તે હોનહાર તથા જે કર્મના ઉપશમાદિક છે તે પુદ્‌ગલની શક્તિ છે, તેનો આત્મા કર્તાહર્તા નથી તથા પુરુષાર્થથી ઉદ્યમ કરે છે તે તો આત્માનું કાર્ય છે, માટે આત્માને પુરુષાર્થથી ઉદ્યમ કરવાનો ઉપદેશ આપે છે.

અહીં આત્મા જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણરૂપ ઉદ્યમ કરે, ત્યાં તો

**વારિજવત જલજવત પદ્મ-ઉપ્પમ પંકજવત,**
**મહારામ મહધામ મહાયશવંત મહાસત;**

બીજા કારણો મળે જ છે અને કાર્યની સિદ્ધિ પણ થઈ જાય છે તથા જે કારણથી કાર્યની સિદ્ધિ થાય અથવા ન પણ થાય, તે કારણરૂપ ઉદ્યમ કરે, ત્યાં અન્ય કારણ મળે તો કાર્યસિદ્ધિ થાય છે, ન મળે તો સિદ્ધિ થતી નથી.

માટે જિનમતમાં જે મોક્ષનો ઉપાય કહ્યો છે, તેનાથી મોક્ષ થાય જ છે, માટે જે જીવ, પુરુષાર્થ વડે જિનેન્દ્રદેવના ઉપદેશાનુસાર મોક્ષનો ઉપાય કરે છે, તેને કાળલબ્ધિ કે હોનહાર પણ હોય અને કર્મના ઉપશમાદિક થયા છે તો તે એવો ઉપાય કરે છે, માટે જે પુરુષાર્થથી મોક્ષનો ઉપાય કરે છે, તેને બધા જ કારણો મળે છે અને તે અવશ્ય મોક્ષને પ્રાપ્ત થાય છે—એમ નિશ્ચયથી જાણવું તથા જે જીવ પુરુષાર્થથી મોક્ષનો ઉપાય કરતો નથી, તેને કાળલબ્ધિ ને હોનહાર પણ નથી અને કર્મના ઉપશમાદિ થયા નથી માટે તે મોક્ષનો ઉપાય કરતો નથી તેથી જે પુરુષાર્થથી મોક્ષનો ઉપાય કરતો નથી, તેને કોઈ કારણ મળતા નથી અને તેને મોક્ષની પ્રાપ્તિ થતી નથી—એમ નિશ્ચયથી જાણવું.'

જુઓ, દ્રવ્ય ત્રિકાળ છે, તેનું ક્ષેત્ર ત્રિકાળ છે, તેનો ભાવ અર્થાત્ ગુણ પણ ત્રિકાળ છે અને કાળ તે એક સમયની પર્યાય છે. એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ—પ્રત્યેક દ્રવ્યના સ્વતંત્ર છે. જુઓ, કુવામાંથી પાણી ઉપર આવે છે તો તે મનુષ્યના કારણે ઉપર નથી આવતું પરંતુ પાણીના દરેક પરમાણુ પોતપોતાની કાળલબ્ધિથી અર્થાત્ પર્યાયની યોગ્યતાથી જ ઉપર આવ્યા છે. દોરી અને ડોલ તેને કારણે ગતિ કરે છે. ભાઈ! વાસ્તવિક વસ્તુસ્થિતિ સમજવી હોય તો પૂર્વનો સંપૂર્ણ આગ્રહ છોડી દેવો જોઈએ. અત્યાર સુધી ઉંધું સમજ્યો હતો માટે તે પૂર્વાગ્રહ છોડવો જોઈએ, ભૂલ તો અનાદિની છે પણ સત્ય સમજીને ભૂલનો અભાવ કરવાવાળાની બલિહારી છે.

પરિષહજય એટલે કે બાહ્યમાં જે પ્રતિકૂળ સંયોગ પ્રાપ્ત થયા તે તો ભિન્ન જ છે, તે સમયે વિકલ્પ ઉત્પન્ન થયો અને બીજે ક્ષણે વિકલ્પનો અભાવ કરવો—તેનું નામ પરિષહજય નથી. વિકલ્પ ઉત્પન્ન થયો, તેટલો પરિષહજયનો અભાવ છે પરંતુ સ્વભાવના આશ્રયથી વીતરાગભાવ થવાથી રાગની ઉત્પત્તિ જ ન થવી તેનું નામ પરિષહજય છે. વિકલ્પ ઉત્પન્ન થયો અને બીજે સમયે તેને જીત્યો—એમ નથી કારણ કે બીજા સમયે તો વિકલ્પનો અભાવ થઈ જ જાય છે. તો જીત્યો કોને? વસ્તુના આશ્રયથી વિકલ્પ થયો જ નથી, તેનું નામ પરિષહજય છે અને તે સંવર છે.

ત્રિકાળ વસ્તુમાં દરેક ક્ષણે નવી નવી પર્યાય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી

**નિજકૃપાલુ કરુણાલુ બોધનાયક, વિદ્યાનિધિ,**
**પ્રશમરૂપ પ્રશમીશ પરમજોગીશ પરમવિધિ. ૪૪**

ઉત્પન્ન થાય છે. વસ્તુમાં ત્રણેકાળની પર્યાયો પ્રગટ છે અને તે નિમિત્તાનુસાર પ્રગટ થાય છે– એમ નથી પણ તે તે સમયની પર્યાયના કાળમાં તે અવિદ્યમાન પર્યાય નવી પ્રગટ થાય છે. શબ્દ સાંભળ્યો, માટે જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ છે–એમ નથી પરંતુ જ્ઞાનગુણની તે અવિદ્યમાન પર્યાય કાળાદિલબ્ધિને પામીને પ્રગટ થઈ છે. કાળાદિલબ્ધિ પર નથી પણ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે. દ્રવ્યમાં દરેક સમયે ક્રમે-ક્રમે પર્યાય ઉત્પન્ન થાય છે. વિભાવ પર્યાય પણ કર્મના કારણે ઉત્પન્ન થતી નથી, પરંતુ પોતાના જ કારણે ઉત્પન્ન થાય છે. કર્મની પર્યાય ક્રમે-ક્રમે કર્મમાં ઉત્પન્ન થાય છે અને આત્માની પર્યાય આત્મામાં ઉત્પન્ન થાય છે. બંનેની પર્યાયોના ઉત્પાદ ભિન્ન-ભિન્ન છે; કોઈના કારણે કોઈની પર્યાય નથી.

અહો! દરેક સમયની પર્યાય સ્વતંત્ર છે, એક સમય એક પર્યાય વ્યક્ત છે અને બીજી અનંત પર્યાયોનું સામર્થ્ય તો દ્રવ્યરૂપે વિદ્યમાન છે. જો એમ સમજી જાય તો દ્રવ્ય સન્મુખ દૃષ્ટિ થયા વગર રહે નહીં. ત્રણ કાળની પર્યાયોનો પિંડ તે દ્રવ્ય–એમ કહ્યું છે, ત્યાં પર્યાય થવાનું સામર્થ્ય દ્રવ્યમાં છે, તે સમજવું જોઈએ, પણ તે પર્યાય પ્રગટરૂપ નથી, શક્તિ છે, તેમાંથી વ્યક્ત થાય છે. ભવિષ્યની પર્યાય અત્યારે કોઈ પર્યાયરૂપ નથી થઈ પણ શક્તિરૂપ છે.

અહો! આવું વસ્તુસ્વરૂપ સમજ્યા વિના શાંતિ ક્યાંથી આવશે? જ્યારે સ્વતંત્ર વસ્તુસ્વભાવ સમજીને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરે, તો વીતરાગી શાંતિ પ્રગટ થાય છે. લોકો ઘણા વર્ષો સુધી મંદકષાય કરીને વ્રતાદિક કરે છે પણ તેઓ એટલો વિચાર નથી કરતા કે આટલા કાળ સુધી મંદકષાય અને વ્રતાદિકનો શુભરાગ કરવા છતાં પણ અંતરમાં સમ્યક્‌દૃષ્ટિ તો પ્રગટી નહીં અને સ્વભાવની શાંતિ પણ આવી નહીં, તો મારી મંદકષાય ને વ્રતોએ શું કર્યું?

ભાઈ! વસ્તુસ્વરૂપના ભાન વિના તો તારા વ્રતાદિ બાળતપ અને બાળવ્રત છે. બાળવ્રત અર્થાત્ મૂર્ખતાથી ભરેલા વ્રત. વસ્તુસ્વરૂપના ભાન વિના અજ્ઞાની જીવ વ્રત-તપ આદિમાં ધર્મ માનીને ક્લેશ કરે છે તો કરો પણ તેનાથી ભવનો અંત આવવાનો નથી. વસ્તુસ્વભાવ શું છે તે જાણીને તેનો આશ્રય કરીને વીતરાગભાવ પ્રગટ થાય છે અને ભવનો અંત આવે છે માટે સર્વપ્રથમ સ્વતંત્ર વસ્તુસ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ.

(ક્રમશઃ) ❊

શુભકારનશીલ ઇહ શીલ રાશિ સંકટ નિવારન,
ત્રિગુણાતમ તપતિહર પરમહંસ પરપંચવારન;

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૭, ગાથા - ૧૯)

## ચૈતન્ય-ચિંતામણિ પાસે ખોળના ટુકડા જેવા તુચ્છ ઈન્દ્ર-ચક્રવર્તીના વૈભવોની યાચના ન કરાય

આ વિષયમાં આચાર્યદેવ નિષેધ કરતાં કહે છે કે તું કહે છે એવું નથી. ધ્યાન દ્વારા શરીરનો ઉપકાર ચિંતવવો યોગ્ય નથી. ધ્યાનથી તું તારું કામ સાધી લે. શરીરને ઉપકાર થાય કે ન થાય તે તરફ તું લક્ષ ન આપ. આ વાત હવે ગાથા દ્વારા કહે છે.

इतश्चिन्तामणिर्दिव्य इतः पिण्याकखण्डकं ।
ध्यायनेन चेदुभे लभ्ये क्वाद्रियन्तां विवेकिनः ।।२०।।

છે ચિંતામણિ દિવ્ય જ્યાં, ત્યાં છે ખોળ અસાર,
પામે બેઉ ધ્યાનથી, ચતુર કરે ક્યાં વિચાર ? ૨૦.

એક તરફ આત્મશાંતિરૂપી દિવ્ય ચિંતામણિ અને બીજી બાજુ નીરોગતારૂપ ખોળનો ટુકડો એ બંને વસ્તુ ધ્યાન દ્વારા મળી શકે તેમ છે તો વિવેકીજન કોનો આદર કરશે ?

દેવો દ્વારા સેવિત ચિંતામણિ મહાભાગ્યે મળે તેની પાસે ખોળનો ટુકડો ન મંગાય ભાઈ ! લાખોના મહેલ મંગાય. તેમ ભગવાન આત્મા-રાગાદિ રહિત નિજ પરમાત્મા. તેની પાસે આત્માની શાંતિ મંગાય ભાઈ ! આત્મધ્યાનમાં ખોળના ટુકડા જેવી શરીરની નીરોગતા ન મંગાય. જેટલી અંતરમાં એકાગ્રતા કર તેટલી શાંતિનું ફળ રોકડિયું-તાત્કાલિક ફળ મળે એવો ચિંતામણિ આત્મા છે.

અજ્ઞાની જીવનું લક્ષ જ વર્તમાન પર્યાય, રાગ અને સંયોગો ઉપર છે. તેની જ મહિમા તેને આવે છે. તેથી મહિમાવંત એવા પોતાના શુદ્ધાત્માની મહિમા તેને આવતી નથી. પર્યાયના અંશ પાછળ બિરાજમાન સત્ ચિદાનંદ પ્રભુ ધ્રુવ છે તેનો મહિમા આવે તો તેમાં એકાગ્ર થાય અને તાત્કાલિક તે જ સમયે શાંતિનું અતીન્દ્રિય આનંદના સ્વાદનું ફળ મેળવે. તેને પછી પુણ્યના ફળની કાંઈ જ કિંમત ન હોય. નજર પડવા માત્રથી નિધાન

પરમ પદારથ પરમપથ, દુખભંજન દુરલક્ષ,
તોષી સુખપોષી સુગતિ, દમી દિગમ્બર દક્ષ. ૪૫

હાથમાં આવે તેવું છે. એવા નિધાનનું લક્ષ ચૂકીને સડેલા ખોળના ટુકડા જેવી શરીરની નીરોગતા તરફ લક્ષ ન દે ભાઈ ! શરીરની નીરોગતા તો શું ? ચક્રવર્તીના વૈભવ હો કે ઈન્દ્રના વૈભવ હો તો પણ સમકિતીને આત્માની શાંતિ અને આનંદ પાસે સડેલા ખોળના ટુકડા બરાબર ભાસે છે.

જુઓ ! અહીં તો સાગમટે નોતરું છે એટલે કે નાના બાળક, સ્ત્રી, વૃદ્ધ, યુવાન બધાંને માટેની આ વાત છે કે જે આત્માનું ધ્યાન કરે તે દરેક આત્મશાંતિરૂપી ચિંતામણિરત્ન પ્રાપ્ત કરી શકે છે. આલોક સંબંધી જ જેને ચિંતા છે તેને તો રૌદ્ર અને આર્તધ્યાન સિવાય ધર્મધ્યાન અને શુક્લધ્યાન હોતાં જ નથી. પણ પરલોક સંબંધી ચિંતા એટલે કે આત્માની ચિંતા રાખનારે ધર્મધ્યાન અને શુક્લધ્યાનની જ ઉપાસના કરવી યોગ્ય છે. શરીરની ચિંતા તો અનાદિકાળથી કરતો આવ્યો છો અને દુઃખી થયો છો. હવે એકવાર આત્માની ચિંતા કર. આત્મા તરફની જ દ્રષ્ટિ, જ્ઞાન, સ્થિરતાની ભાવના રાખવા જેવી છે. પુણ્યની કે નીરોગતાની ભાવના ધર્મીને ન હોય. આત્માની શુદ્ધિની જ દરેકે ભાવના કરવા જેવી છે.

## સ્વસંવેદન દ્વારા આત્માને પ્રત્યક્ષ કર

આજે ચૈત્ર સુદ તેરસ છે, મહાવીર ભગવાનનો જન્મદિવસ છે. પ્રભુ મોક્ષ પધાર્યા તે પહેલાં ૭૨ વર્ષ પહેલાં પ્રભુ આજના દિવસે જન્મ્યા હતા. પણ એ તો જન્મ તો દેહનો હતો. દેહ તો જડ છે, અંદર આત્મા બિરાજે છે તે ભગવાન છે. અહીં ગાથા પણ એવી જ આવી છે કે આત્મા સત્ ચિદાનંદ પ્રભુ છે.

આ દેહમાં રહેલો ભગવાન આત્મા સત્ છે એટલે નવો બનાવેલો નથી. અકૃત્રિમ છે. તેનો કદી નાશ થતો નથી. આત્મા અણ ઉત્પન્ન અને અવિનાશી તત્ત્વ છે. દરેક આત્મા સત્ છે. મહાવીર પરમાત્માનો આત્મા પણ અનાદિ હતો. સંસારમાં રખડતો હતો. મહાવીર થયા પહેલાં પૂર્વભવમાં એ આત્માએ દેહના અણુ-અણુથી અને પુણ્ય-પાપના વિકારી ભાવોથી ભેદજ્ઞાન કરી નિજ આત્માનું સંવેદન-સ્વાનુભવ કર્યો હતો. દેહમાં રહેલો ભગવાન ચૈતન્યસૂર્ય છે એનો અનુભવ કર્યો હતો.

વીર પ્રભુ મતિ-શ્રુત-અવધિ ત્રણ જ્ઞાન તો જન્મથી લઈને આવ્યા હતા. પછી દીક્ષા લઈને મનઃપર્યય પ્રગટાવ્યું અને પૂર્ણાનંદ જ્ઞાનની શક્તિને વ્યક્ત કરી કેવળજ્ઞાન પ્રગટ

પરમપ્રબોધ પરોક્ષરૂપ પરમાદનિકન્દન,<br>
પરમધ્યાનધર પરમસાધુ, જગપતિ જગવંદન;

કર્યું. જેમ લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે, તેને પત્થર સાથે ઘસવાથી તે તીખાશ બહાર આવે છે, પણ તે તીખાશ પત્થરમાંથી નથી આવી. પીપરમાંથી જ આવી છે. પત્થરમાંથી આવે તો કોલસો ઘસતાં પણ તીખાશ આવવી જોઈએ. પણ એમ નથી. પ્રાપ્તની પ્રાપ્તિ છે. પીપરના દાણામાં તીખાશ શક્તિરૂપે–સ્વભાવરૂપે હતી તે વ્યક્ત થઈ છે. કૂવામાં હોય તો અવેડામાં પાણી આવે. તેમ અંદર સ્વભાવમાં હોય તો જ જ્ઞાન બહાર પ્રગટ થાય.

જીવ બહારની ક્રિયા કરવામાં અટકી જાય છે. નરસિંહ મહેતા પણ લખે છે ને કે ‘જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્ન્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી. શું થયું તપ ને તીર્થ કીધાં થકી ? શું થયું માળ ગ્રહી નામ લીધે ? શું થયું ધરી જટા ભસ્મ લેપન કર્યે ? શું થયું વાળ લોચન કીધે ? આ બધી ક્રિયા એકડા વગરના મીંડા જેવી છે. આત્માનું કલ્યાણ-જન્મમરણના અંત આત્મભાવ વગર કદી ન થઈ શકે. દુનિયા પોતાના ચૈતન્યની કિંમત ન કરતાં પરપદાર્થ અને ક્રિયાની કિંમત કરે છે.

લીંડીપીપરને ઘૂંટતાં તીખાશ પ્રગટ થાય છે. આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા કરતાં આત્માની કેવળજ્ઞાન શક્તિ પ્રગટ થાય છે. આ તો સમજાય તેવું છે. પણ જો દુનિયાની ઝંઝટ છોડી આત્માને ઓળખવાનો ટાઈમ કાઢે તો સમજાય ને! જીવને દુનિયાની ઝંઝાળમાં પોતાનું સત્ ચિદાનંદ રત્ન ભૂલાઈ ગયું છે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૬ થી ચાલુ) (છઢાળા પ્રવચન)

પોતાના જીવનથી ટકી જ રહ્યો છે, કાંઈ મરી નથી ગયો. માટે પરવસ્તુ વગર મારે ન ચાલે એવી ભ્રમણા કાઢી નાંખ.


જીવને સંયોગબુદ્ધિ હોવાથી, સંયોગની તીવ્ર પ્રતિકૂળતા દ્વારા નરકાદિના દુઃખનો ખ્યાલ આપ્યો છે. નરકમાં જીવે જે દુઃખો ભોગવ્યાં તેની શી વાત? ભાઈ, આવા દુઃખો તેં તારી ભૂલથી જ ભોગવ્યાં છે, કોઈ બીજાએ તને દુઃખી નથી કર્યો. માટે ભૂલ ટાળીને ચૈતન્યસ્વભાવની આરાધના કર–જેથી તારાં દુઃખ મટે ને સુખ થાય.

આ રીતે નરકગતિનાં દુઃખોનું વર્ણન કર્યું અને તેનાથી છૂટવાનો ઉપદેશ આપ્યો. હવે નરકના દુઃખમાંથી નીકળીને શુભપરિણામથી કદાચિત્ મનુષ્ય થયો, તો મનુષ્યપણામાં પણ આત્માના ભાન વગર જીવ કેવા–કેવા દુઃખો ભોગવે છે તેનું વર્ણન કરશે. (ક્રમશઃ) ❋

જિનજિનપતિજિનસિંહ, જગતમણિબુધકુલનાયક,
કલ્પાતીત કુલાલરૂપ, દંગ્મય દંગદાયક. ૪૬




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



નરકમાં તરસ કેવી છે તે બતાવ્યું; હવે નરકમાં ભૂખનું દુઃખ કેવું છે તે કહે છે.

## નરકનાં દુઃખોનું વર્ણન (ચાલુ)

तीन लोक को नाज जु खाय, मिटै न भूख कणा न लहाय।
ये दुःख बहु सागर लौं सहै, करम जोगतैं नरगति लहै ।।१२।।




જાણે કે ત્રણ લોકનું અનાજ ખાઈ જાઉં તોપણ ભૂખ ન મટે—એવી ઉગ્ર ભૂખ નારકીને લાગે છે, પણ ખાવા માટે એક કણ પણ મળતો નથી; મહા ક્ષુધાથી પીડાય છે. આ રીતે નરકમાં ભૂમિનું દુઃખ, વૈતરણી નદીનું દુઃખ, સેમરતરુના તલવાર જેવા પાનથી શરીર છેદાઈ જાય તેનું દુઃખ, અતિ તીવ્ર શીત–ઉષ્ણતાનું દુઃખ, અસુર દેવો ત્રાસ આપે, શરીરના ખંડખંડ કરી નાંખે, અસહ્ય ક્ષુધા–તૃષા લાગે, ને એવા ઘણા પ્રકારનાં બીજાં દુઃખો ઘણા લાંબાકાળ સુધી નરકમાં જીવ સહન કરે છે. ઓછામાં ઓછા દસ હજાર વર્ષથી માંડીને ૩૩ સાગરોપમના અસંખ્ય વર્ષો સુધી એવાં દુઃખો સહન કરે છે. ને ત્યાંથી કોઈ શુભકર્મના યોગે મનુષ્યગતિ પામે છે. નરકમાંથી નીકળીને કોઈ તિર્યંચમાં જાય છે ને કોઈ મનુષ્ય થાય છે. મનુષ્ય થાય તોપણ કેવાં દુઃખો સહન કરે છે તે હવેની ગાથાઓમાં કહેશે.

જે તિર્યંચ કે મનુષ્ય ક્રૂર પાપ કરે તે નરકમાં જાય છે. એક માણસ કષાઈ જેવો, તે જેમ વનસ્પતિનું પાંદડું તોડે તેમ કૂકડાના કેટલાય નાનાં નાનાં બચ્ચાંની પાંખો હાથેથી તોડતો હતો ને પછી તે જીવતાં બચ્ચાંને લોટમાં બોળીને કડકડતા તેલમાં ભજીયાંની જેમ તળતો હતો.– આવા ક્રૂરપરિણામી જીવ નરકમાં ન જાય તો બીજે ક્યાં જાય?

કોપનિવારણ ધર્મરૂપ, ગુણરાશિ રિપુંજય,
કરુણાસદન સમાધિરૂપ શિવકર શત્રુંજય;

સસલાં ને હરણિયાં જેવા નિર્બળ પ્રાણીઓ—કે જે કોઈને ત્રાસ દેતાં નથી ને માત્ર ઘાસ ખાઈને જીવે છે, તેને પણ શિકારી જીવો ધડાધડ કરતાં બંદૂકથી ઉડાડી દ્યે છે; એક માણસે ગોળી મારીને હરણને વીંધી નાંખ્યું ને પછી તરફડતા તે બિચારા હરણિયા પાસે, પોતાનું નિશાન બરાબર લાગ્યું એમ સમજીને આનંદથી તે કૂદાકૂદ કરવા લાગ્યો. અરે, આવા જીવો નરકમાં ન જાય તો બીજે ક્યાં જાય?

વીતરાગી દેવ—ગુરુ—ધર્મ ઉપર ઉપદ્રવ કરનારા, તીવ્ર આરંભ—પરિગ્રહ ને હિંસામાં જ જીવન વીતાવનારા, મધ—માંસ—દારૂ—શિકાર—માછલાં—ઈંડા—પરસ્ત્રી વગેરેનું સેવન કરનારા, એવા મહા પાપી જીવો મરીને નરકમાં ઉપજે છે ને ત્યાં પાપનું ફળ ભોગવે છે. નરકમાં પીવાનું પાણી કે ખાવાનું અન્ન કદી પણ મળતું નથી; અનંતી ભૂખ—તરસથી તે જીવ પીડાય છે. આવા બધા દુઃખો ધર્મની વિરાધનાને લીધે જ જીવ ભોગવે છે. આત્માના સ્વભાવની આરાધનાનું સુખ પણ અનંત, અને તેની વિરાધનાનું દુઃખ પણ અનંત; સ્વભાવ તે સુખ, વિભાવ તે દુઃખ—આટલો મૂળ સિદ્ધાંત સમજે તો, દુઃખરૂપ એવા વિભાવથી જીવ પાછો વળે, ને સુખસ્વભાવને વેદે.

અનાદિથી મિથ્યાત્વને લીધે જીવ એકલું દુઃખ જ ભોગવી રહ્યો છે. ક્યારેક સાતાની અનુકૂળ સામગ્રી મળતાં તેમાં તે સુખ માને છે, પણ તે માત્ર કલ્પના જ છે, ખરેખર સુખ નથી. એક ઠેકાણે કહ્યું છે કે—આ સંસારસંબંધી જે દુઃખ છે તે તો ખરેખર દુઃખ જ છે, પરંતુ સંસારનું જે સુખ છે તે ખરેખર સુખ નથી, તે તો અજ્ઞાનીની કલ્પના જ છે. આત્માનું સુખ એ જ ખરું સુખ છે, પરંતુ તે તો આત્માના જ્ઞાન વગર અનુભવી શકાતું નથી. આ રીતે અજ્ઞાની સદા દુઃખી જ છે. અનાજ—પાણી મળે તોપણ મોહથી તે જીવ દુઃખી જ છે. સોનાની થાળીમાં મનગમતાં ભોજન જમતો હોય—તે વખતેય જીવ દુઃખી! અને નરકમાં ભાલાથી શરીર વીંધાતું હોય તે વખતેય સમ્યગ્દષ્ટિ જીવ સુખી! લોકો કઈ આંખે એ દેખશે? જેટલી સ્વભાવની પરિણતિ તેટલું સુખ છે, ને જેટલો વિભાવ તેટલું દુઃખ છે,—એ વાત સંયોગદષ્ટિ વડે સમજાતી નથી. સંયોગનો તો જીવમાં અભાવ છે; પણ અજ્ઞાનીને એવી ભ્રમણા છે કે—સંયોગ વગર મારે ન ચાલે, આહાર—પાણીના સંયોગ વગર કે શરીર વગર હું જીવી નહિ શકું.—આવી ભ્રમણાને લીધે સંયોગ સામે જોઈને તે પોતાને દુઃખી—સુખી માને છે. ભાઈ, નરકમાં તે અનંતવાર ખોરાક—પાણી વગર ચલાવ્યું, ખોરાક—પાણી ન મળવા છતાં જીવ તો

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)

**પરાવર્તરૂપી પ્રસન્ન, આતમપ્રમોદમય;**
**નિજાધીન નિર્દ્વન્દ, બ્રહ્મવેદક વ્યતીતભય. ૪૭**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

(૧૬) અંતરમાં વિકાર રહી જાય ને કેવળજ્ઞાન થઈ જાય એમ બને નહિ. ચિત્તનો સંગ બિલકુલ-સર્વથા છૂટે નહીં ત્યાં સુધી કેવળજ્ઞાન થાય નહિ. ગુણગુણીના ભેદનો વિકલ્પ પણ ભાવિત મનોવિકાર છે. તે વિકારનો વિલય થવો સાધક છે ને પૂર્ણદશા સાધ્ય છે. આગલા બોલમાં વસ્ત્રાદિનો સંગ કાઢી નાખ્યો. આ બોલમાં મનના સંગની વાત કરે છે. છાતીમાં દ્રવ્યમન ખીલેલા કમળના આકારે સૂક્ષ્મ છે. તેના નિમિત્તે થતો વિકાર આત્માના ભાનથી અને સ્થિરતાથી નાશ પામે છે. માટે ચિત્તના સંગનો વિલય થવો સાધક છે ને કેવળજ્ઞાન સાધ્ય છે.

(૧૭) દ્રવ્યકર્મ જડ છે, તેના તરફ જીવ લક્ષ કરે તો વિકાર થાય ને સ્વભાવ તરફ લક્ષ કરે તો વિકાર ન થાય. પૌદ્‌ગલિક કર્મ ખરવાં સાધક કહ્યાં છે તે નિમિત્તથી વાત કરે છે. જ્યારે પુદ્‌ગલકર્મ જાય ત્યારે નૈમિત્તિકદશા વિકારની જાય જ છે. નૈમિત્તિક વિકારીદશા ટળ્યા વિના પુદ્‌ગલ કર્મ ખર્યું કહેવાય નહિ.

જીવ પુદ્‌ગલકર્મના વિપાકમાં જોડાય તો વિકાર ઉપજે છે. તેથી પુદ્‌ગલકર્મ ખરી જાય છે ત્યારે નૈમિત્તિક મનોવિકાર હોતો નથી માટે કર્મ ખરવાં સાધક છે ને મનોવિકાર વિલય થવો સાધ્ય છે.

(૧૮) ગૃહસ્થને એક વસ્ત્ર લેવાની વૃત્તિ હોય અને મુનિને એક વખત આહાર લેવાની વૃત્તિ હોય. ત્યાંસુધી અંતરમાં મમતા રહેલી છે. એમ પ્રસિદ્ધ કરે છે. બાહ્ય પરિગ્રહનો સંગ અંતરના ભાવને પ્રસિદ્ધ કરે છે. અંતર સ્વભાવમાં લીન હોય તેને આહાર લેવાની વૃત્તિ ઊઠતી નથી. મુનિને આહાર લેવાનો વિકલ્પ ઊઠે તે શુભ મમતા છે માટે પરમાણુમાત્ર પરિગ્રહ સાધક છે ને મમતાભાવ સાધ્ય છે.

(૧૯) ઊંધી શ્રદ્ધા સાધક છે, નવતત્ત્વની તથા દેવ-ગુરુ-શાસ્ત્રની ઊંધી માન્યતાને મિથ્યાત્વ કહે છે તે સાધક છે ને ચોરાશીમાં ભ્રમણ કરવું તેનું ફળ છે. ચિદાનંદ આત્માને આત્મા ન માને, અજીવને અજીવ ન માને, આસ્રવને આસ્રવ ન માને, અને સંવર-નિર્જરા-

અપુનર્ભવ જિનદેવ સર્વતોભદ્ર કલિલહર,
ધર્માકર ધ્યાનસ્થ ધારણાધિપતિ ધીરધર;

બંધને તથા મોક્ષને જેમ છે તેમ ન માને તેને સંસાર-પરિભ્રમણ થાય છે. ત્રસની સ્થિતિ બે હજાર સાગરની છે તેથી તે પૂરી થતાં નિગોદમાં જશે. વસ્તુ જ્ઞાતાદ્રષ્ટા છે તેમાં ભવ નથી, પણ વસ્તુસ્વભાવથી વિપરીત માન્યતા કરે તો તેમાં ભવ થાય છે. પુણ્ય-પાપથી રહિત ને મન-વાણીથી જુદા આત્માની પ્રતીતિ નથી ને પુણ્યથી ધર્મ માને, સાચા દેવાદિનો અનાદર કરે, ખોટા દેવાદિનો આદર કરે—એવી મિથ્યામાન્યતાનું ફળ સંસાર છે. માટે મિથ્યાત્વ સાધક છે ને સંસારભ્રમણ સાધ્ય છે.

(૨૦) સમ્યગ્દર્શન ભવરહિત સ્વભાવની પ્રતીતિ કરે છે. ત્રિકાળી સ્વભાવમાં વિકાર ટાળવાનો સ્વભાવ છે, એવા આત્મામાં ભવ નથી. એમ સમ્યગ્દર્શને સ્વીકાર્યું, તે સમ્યગ્દર્શન વિકારને સ્વીકારતું નથી, પણ ત્રિકાળી સ્વભાવને સ્વીકારે છે; માટે સમ્યક્ત્વ સાધક છે ને મોક્ષ થવો સાધ્ય છે.

(૨૧) કાળલબ્ધિ=નિજ પરિણામની પ્રાપ્તિ સ્વાશ્રયથી થવી તે કાળલબ્ધિ છે. પોતાના સ્વભાવના પુરુષાર્થનો કાળ આવે તે ખરેખર કાળલબ્ધિ છે. પર કાળના અનુસારે લબ્ધિ નથી. સાધક જીવ નિમિત્ત સામે કે રાગ સામે જોતો નથી. સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સ્વભાવ સામે જુએ છે. કોઈ ચીજ ચૂલા ઉપર પાકવા મૂકી હોય તો તે પાકવાની તૈયારી થાય પણ ઘરમાં તે ચીજ જ ન હોય ને ઘરે ચૂલે ચડાવ્યા વિના કહે કે ચીજ પાકવાની તૈયારી થઈ ગઈ છે તો તે ખોટું છે. તેમ આત્માના શ્રદ્ધા-જ્ઞાન વિના મોક્ષનો પાક થતો નથી. ધર્મી જીવે શ્રદ્ધા-જ્ઞાન કરી આત્માને પકાવવા ચડાવ્યો છે. તો તે જ્ઞાની જાણે છે કે પુરુષાર્થ અનુસાર તે પાકી જશે એટલે મોક્ષદશા થશે. કાળે મોક્ષ થશે એમ લોકો કહે છે, પણ કોનો કાળ? પોતાના શુદ્ધસ્વભાવમાં ઢળી સ્વભાવનો કાળ. મારો સ્વભાવ જ્ઞાન, દર્શન ને આનંદરૂપ છે એમ નિર્ણય કરે છે તેને સ્વભાવની સિદ્ધિ હોય છે. સાધકની દૃષ્ટિ બહારના ફળ ઉપર નથી પણ સ્વભાવ ઉપર હોય છે, તેથી તેનો કાળ પાકી જાય છે. માટે કાળલબ્ધિ સાધક છે ને સ્વભાવસિદ્ધિ સાધ્ય છે.

(૨૨) કોઈ કહે કે અમે શબ્દ સમજીએ છીએ પણ અર્થ સમજતા નથી, તો તેને શબ્દ સાધક કહેવાતો નથી. વાણીનો અર્થ ન સમજે તો નકામું છે. 'ગોળ' શબ્દ સાંભળ્યો પણ તેનો અર્થ ન સાધે તો તે શબ્દ સાધક થતો નથી. ગોળના બે અર્થ થાય છે. એક ખાવાનો ગોળ છે ને બીજી કોઈ ચીજ ગોળ હોય તેને ગોળ કહે છે. માટે કહેનારના ભાવ મુજબ જે હોય તેમ સમજવું જોઈએ, તો શબ્દને સાધક કહેવાય.

ત્રિપુરગર્ભ ત્રિગુણી ત્રિકાલ કુશલાતપપાદપ,
સુખમન્દિર સુખમય અનન્તલોચન અવિષાદપ. ૪૮

શાસ્ત્રમાં પણ ઘણા શબ્દો હોય છે પણ તેનો અર્થ ન સમજે તો શાસ્ત્રનાં શબ્દો સાધક કહેવાતા નથી. જેમકે 'સમ્યગ્દર્શન' શબ્દ છે તો ત્યાં આત્માના ભાનપૂર્વક આત્માની સમ્યક્‌શ્રદ્ધા કહેવા માગે છે, એમ સમજે તો 'સમ્યગ્દર્શન' શબ્દ સાધક કહેવાય. માટે શબ્દ સાધક ને અર્થ સાધ્ય છે.

(૨૩) અર્થ સાધક છે. હવે તે અર્થને સમજે તો આત્મામાં શાંતિનો રસ છે એમ સમજે. અર્થ સમજે તેને આત્માની મજા આવ્યા વિના રહે નહિ. શબ્દ સમજાય તો અર્થ સમજાય ને અર્થ સમજાય તો આત્માની મજા આવે. શાસ્ત્રના શબ્દોના અર્થ ન સમજે તેને મજા આવતી નથી. રેકર્ડ સારું ગાયન બોલે તોપણ રેકર્ડને કાંઈ મજા આવતી નથી. તેમ જેને શાસ્ત્રના અર્થ સમજવાનું જ્ઞાન નથી, શબ્દના અર્થ સમજતાં ન આવડે તેને રસ આવતો નથી. માટે દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે તે શબ્દને તથા તેના અર્થને સમજવા જોઈએ. અહો! આ જ્ઞાન અલૌકિક છે—એમ અંતરમાં સમજે તો મજા આવે. માટે અર્થ સાધક છે ને જ્ઞાનરસ સાધ્ય છે.

(૨૪) હવે સ્થિરતાને સાધક કહે છે કે હું સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વરૂપી છું, પુણ્ય-પાપ હું નથી એમ જ્ઞાનની મજા આવે તો સ્થિરતા આવે. તે સ્થિરતા થતાં ધ્યાન સાધ્ય થાય છે. સ્થિરતાથી ધ્યાન થાય છે. સમજ્યા વિના ધ્યાન કોનું કરશે? વસ્તુ શું છે, ગુણ શું છે, પર્યાય શું છે એમ જ્ઞાનની જમવટ થતાં તે સ્થિરતા થતાં એકાગ્ર થાય છે. અજ્ઞાની જીવ સમજ્યા વિના લીલા-પીળા દેખે તે ધ્યાન નથી. જે શાસ્ત્ર સમજે નહિ તેને સ્થિરતા થાય નહિ ને તેને ધ્યાન થાય નહિ, માટે સ્વ-સંવેદનરૂપ સ્થિરતા સાધક છે ને ધ્યાન સાધ્ય છે. (ક્રમશઃ) ❊

卐 પ્રશ્ન : આત્માનો મહિમા કેવી રીતે આવે ?

ઉત્તરઃ આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે, અનંત ગુણોનો પિંડ છે. તે પૂર્ણ જ્ઞાયક-તત્ત્વ ત્રિકાળ અસ્તિરૂપ છે; તેનું સ્વરૂપ તેમ જ સામર્થ્ય અગાધ ને આશ્ચર્યકારી છે. આત્મવસ્તુ કેવા અસ્તિત્વવાળી ને કેવા સામર્થ્યવાળી છે તેનું સ્વરૂપ રુચિપૂર્વક ખ્યાલમાં લે, સમજે તો તેનું માહાત્મ્ય આવે, રાગનું ને અલ્પજ્ઞતાનું માહાત્મ્ય છૂટી જાય. ક્ષણે ક્ષણે જે નવી નવી થાય છે એવી એક સમયની કેવળજ્ઞાનની પર્યાય પણ ત્રણકાળ, ત્રણલોકને જાણવાના સામર્થ્યવાળી છે, તો પછી તેને ધરનાર ત્રિકાળી દ્રવ્યનું સામર્થ્ય કેટલું ?-એમ આત્માના આશ્ચર્યકારી સ્વભાવને ખ્યાલમાં બરાબર લે તો આત્માનો મહિમા આવે. ગુરુદેવશ્રીના વચનામૃત ૧૨૭.

**લોકઅગ્રવાસી ત્રિકાલસાખી કરુણાકર,**
**ગુણઆશ્રય ગુણધામ ગિરાપતિ જગતપ્રભાકર;**

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ–અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### (૩) એકત્વાનુપ્રેક્ષા

एक्को करेदि कम्मं एक्को हिंडदि य दीहसंसारे ।
एक्को जायदि मरदि य तस्स फलं भुंजदे एक्को ।।१४।।

જીવ એકલો જ કર્મ કરે છે, એકલો જ દીર્ઘ સંસારમાં ભ્રમણ કરે છે, એકલો જ જન્મે છે, એકલો જ મરે છે અને એકલો જ કર્મનું ફળ ભોગવે છે. ૧૪.

एक्को करेदि पावं विसयणिमित्तेण तिव्वलोहेण ।
णिरयतिरियेसु जीवो तस्स फलं भुंजदे एक्को ।।१५।।

વિષયોના નિમિત્તે તીવ્ર લોભથી જીવ એકલો જ પાપ કરે છે અને નરક તથા તિર્યંચ ગતિમાં એકલો જ તેનું ફળ ભોગવે છે. ૧૫.

एक्को करेदि पुण्णं धम्मणिमित्तेण पत्तदाणेण
मणुवदेवेसु जीवो तस्स फलं भुंजदे एक्को ।।१६।।

ધર્મના નિમિત્તે પાત્રદાનથી જીવ એકલો જ પુણ્ય કરે છે અને મનુષ્ય તથા દેવોમાં એકલો જ તેનું ફળ ભોગવે છે. ૧૬.

### પાત્રના ત્રણ ભેદો તથા અપાત્રનું વર્ણન


उत्तमपत्तं भणियं सम्मत्तगुणेण संजुदो साहू ।
सम्मादिट्ठी सावय मज्झिमपत्तो हु विण्णेओ ।।१७।।

णिद्दिट्ठो जिणसमये अविरदसम्मो जहरदसम्मो जहण्णपत्तो त्ति ।
सम्मत्तरयणरहिओ अण्त्तमिदि संपरिक्खेज्जो ।।१८।।

સમ્યક્ત્વરૂપી ગુણથી યુક્ત સાધુને ઉત્તમ પાત્ર કહ્યું છે, સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને મધ્યમ પાત્ર જાણવું જોઈએ. જિનાગમમાં અવિરત સમ્યગ્દૃષ્ટિને જઘન્ય પાત્ર કહેલ છે અને જે સમ્યગ્દર્શનરૂપી રત્નથી રહિત છે તે અપાત્ર છે આ પ્રકારે પાત્ર અને અપાત્રની સારી રીતે પરીક્ષા કરવી જોઈએ. ૧૭-૧૮. (જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

**ધીરજ ધૌરી ધૌતકર્મ ધર્મ્મગ ધામેશ્વર,**
**રત્નાકર ગુણરત્નરાશિ રંજહર રામેશ્વર. ૪૯**

# શિખામણ



જેમ માતા બાળકને શિખામણ આપે ત્યારે, કોઈક વાર એમ કહે કે 'બેટા! તું તો ભારે ડાહ્યો... તને આ શોભે!!' અને ક્યારેક એમ પણ કહે કે 'તૂ મૂરખ છો...ગાંડો છો!' આમ ક્યારેક મૃદુતા ભરેલ શબ્દોથી શિખામણ આપે ક્યારેક કડક શબ્દોમાં ઠપકો આપે, પરંતુ બંને વખતે માતાના હૃદયમાં પુત્રના હિતનો જ અભિપ્રાય છે એટલે તેની શિખામણમાં કોમળતા જ ભરેલી છે, તેમ ધર્માત્મા સંતો બાળક જેવા અબુધ શિષ્યોને સમજાવવા માટે ઉપદેશમાં ક્યારેક મૃદુતાથી એમ કહે કે હે 'ભાઈ! તારો આત્મા સિદ્ધ જેવો છે તેને તું જાણ! અને ક્યારેક કડક શબ્દોમાં કહે કે 'અરે મૂર્ખ! પુરુષાર્થહીન નામર્દ! તારા આત્માને હવે તો ઓળખ! આ મૂઢતા તારે ક્યાં સુધી રાખવી છે? હવે તો તે છોડ!' આ રીતે કોઈવાર મૃદુ સંબોધનથી અને કોઈવાર કડક સંબોધનથી ઉપદેશ આપે–પરંતુ બંને પ્રકારના ઉપદેશ વખતે તેમના હૃદયમાં શિષ્યના હિતનો અભિપ્રાય છે એટલે તેમના હૃદયમાં કોમળતા જ છે... વાત્સલ્ય જ છે.





# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—ચૈતન્ય સ્વભાવના ભાન વિના જે કાંઈ પુણ્ય કરવામાં આવે તો તેમાં શું નુકસાન છે?**

ઉત્તર :—ચૈતન્ય સ્વભાવના ભાન વગર જે કંઈ પુણ્ય કરવામાં આવે તે છાર ઉપર લીંપણ સમાન છે, જેમ એક હાથ રાખના દળ ઉપર લીંપણ કરવામાં આવે તો તે લીંપણ રાખ ઉપર ટકે નહિ. જેવું થોડુંક સુકાય ત્યાં પોપડા ઊખડવા માંડે. લીંપણ તો કઠણ ભોં ઉપર ચાલે. રાખના દળ ઉપર ચાલે નહિ. તેમ ત્રિકાળી ચૈતન્ય સ્વભાવના ભાન વગર પર લક્ષે જે કાંઈ પુણ્ય કરવામાં આવે તે છાર પર લીંપણ સમાન છે. સ્વભાવનું ભાન નથી એટલે થોડા કાળમાં તે પુણ્ય પલટીને પાપ થઈ જશે. તેનું પુણ્ય લાંબો કાળ ટકશે નહિ. એમ જાણીને ચૈતન્યસ્વભાવ સ્વરૂપ ભગવાન આત્માનું ભાન અવશ્ય કરવું જોઈએ.

**પ્રશ્ન :—યોગસારમાં પુણ્યને પણ પાપ કેમ કહ્યું છે?**

ઉત્તર :—પુણ્ય છે તો શુભરાગ પણ તે સ્વરૂપથી પતિત કરે છે તેથી ત્યાં કહ્યું છે કે પાપને તો પાપ જગ સહુ કહે પણ અનુભવી જીવ પુણ્યને પણ પાપ કહે છે. જયસેન આચાર્યે પણ કહ્યું છે કે પુણ્ય છે તે અશુભથી બચાવે છે પણ શુદ્ધ સ્વરૂપથી પછાડે છે—પતિત કરે છે. તેથી પુણ્યને પણ પાપ કહ્યું છે. પાપનો અધિકાર છે છતાં તેમાં પુણ્યને પાપ કહ્યું છે. અહીં તો જેને આત્માનું હિત કરવું હોય તેની વાત છે. બાકી તો અનંતવાર શુભ કરીને નવમી ગ્રૈવેયક ગયો પણ એક ભવ ઘટ્યો નહિ.

**પ્રશ્ન :—અશુભની અપેક્ષાએ શુભને ઠીક કહેવાય કે નહીં?**

ઉત્તર :—આત્માનું ભાન થયા પછી શુભ-અશુભ ભાવ બંને બંધના કારણ છે તેમ જાણ્યા પછી, વ્યવહારે અશુભની અપેક્ષાએ શુભને ઠીક કહેવાય પણ તે જ્ઞાનીની અપેક્ષાએ વાત છે. ચરણાનુયોગમાં તો તીવ્ર કષાય ઘટાડવા માટે મંદ કષાય કરવો એમ પણ કહે, પણ અહીં અધ્યાત્મશાસ્ત્રમાં તો આત્મામાં રાગની ગંધ જ નથી તે વાત છે. આત્મા વસ્તુએ તો ભગવાન સ્વરૂપ છે એને પડખે ચડીને જેણે એનો આશ્રય ન લીધો ને રાગના પડખે ચડીને રાગનો આશ્રય લીધો તે મિથ્યાદષ્ટિ છે.

**નિરલિંગ શિવલિંગધાર બહુતુંડ અનાનન,**
**ગુણકદમ્બ ગુણરસિક રૂપગુણ-અંઘ્રિપ-કાનન;**

પ્રશ્ન :—શુભ-અશુભ પરિણામમાં ભેદ માને તેને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે તો અમે આત્માની વાત સાંભળવા આવીએ કે દુકાને બેસીને વેપાર કરીએ એ બધું એક જ છે ને?

ઉત્તર :—શુભ-અશુભ પરિણામમાં વ્યવહારથી ભેદ છે. વેપારમાં તીવ્ર કષાય છે, સાંભળવામાં મંદ કષાય છે એથી વ્યવહારે ભેદ છે. પરંતુ એ શુભ-અશુભ બંનેનું લક્ષ પર તરફ છે તેથી બંધનું કારણ છે તેથી પરમાર્થે ભેદ નથી તેમ બતાવી શુભમાંથી હિતબુદ્ધિ છોડાવીને સ્વદ્રવ્યનું લક્ષ કરાવે છે.

પ્રશ્ન :—આપ શુભભાવને છોડાવો છો?

ઉત્તર :—શુભરાગમાં હિતબુદ્ધિ છે તે છોડાવાય છે. પહેલા શુભરાગમાં આદરબુદ્ધિ છોડાવે છે અને પછી અસ્થિરતાથી છોડાવે છે. શુભરાગ આવશે તો ખરો, શુદ્ધોપયોગ વિના શુભરાગ છૂટતો નથી પણ તેમાંથી હિતબુદ્ધિ છોડવાની છે.

પ્રશ્ન :—આવું જાણવાથી જીવો શુભભાવ છોડી દેશે?

ઉત્તર :—શુભભાવની રુચિ છોડવાની વાત છે. શુભભાવ છૂટતો નથી. ભૂમિકા વધતા શુભભાવ તો વધતો જાય છે પણ તેમાં જ્ઞાનીને આત્મબુદ્ધિ હોતી નથી.

પ્રશ્ન :—અજ્ઞાનીના વ્રતાદિ બંધના કારણ છે પણ જ્ઞાનીના વ્રતાદિ તો મોક્ષના કારણ છે ને?

ઉત્તર :—જ્ઞાની હોય કે અજ્ઞાની હોય, વ્રત આદિનો શુભરાગ પરના આશ્રયે થતો હોવાથી બંનેને બંધનું જ કારણ છે, મોક્ષનું કારણ નથી. જ્ઞાનીને જે વ્રત આદિ શુભ રાગ આવે છે તેમાં પણ આકુળતા છે, ઉદ્વેગ છે, દુઃખરૂપ છે, તેથી બંધનું કારણ છે. સ્વસન્મુખ થતાં જે શુદ્ધ પરિણામ થાય તે જ મોક્ષનું કારણ છે.

પ્રશ્ન :—આત્માનો અનુભવ થયા પહેલાં શુભરાગને હેય માનવો ઉચિત છે?

ઉત્તર :—આત્મ-અનુભવ થયા પહેલાં પણ તેને શુભરાગ હેય છે તેમ નક્કી કરવું જોઈએ, સમકિત પહેલાં પણ એને શ્રદ્ધાનમાં શુભરાગનો નિષેધ આવવો જોઈએ. શુભરાગ છૂટે છે તો સ્વરૂપમાં સ્થિરતા થાય ત્યારે, પણ તેનો નિષેધ તો પહેલેથી આવવો જોઈએ. જો શુભરાગનો આદર કરશે તો મિથ્યાત્વ દૃઢ થશે. શુભરાગને હેય જાણવાથી કાંઈ અશુભ રાગમાં જવું એમ નથી.

નિરઅંકુશ નિરધારરૂપ નિજપર પરપ્રકાશક,<br>
વિગતાસ્રવ નિરબંધ બંધહર બંધવિનાશક. ૫૦



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન* :—**પોતાને અનુભવ થયો નથી, તો આ મંદ કષાય છે આત્મશાંતિ નથી એવો ભેદ પાડી શકે?

**સમાધાન :—**ભેદ પાડી શકે. જે સાચો આત્માર્થી હોય, જેને આત્મા ગ્રહણ કરવો છે તે ભેદ પકડી શકે છે. જો ભેદ ન પકડી શકે તો તેની દૃષ્ટિ બરાબર નથી. જે ભેદ પકડી શકતો નથી તે ખોટામાં કલ્પના કરે છે—મંદ કષાયમાં સંતોષ માને છે. પણ જેને ખરી લાગી હોય તેને મંદ કષાયમાં સંતોષ આવે નહિ. જ્યાં સુધી અંતરમાંથી શાંતિ ન આવે, અંદરમાંથી છૂટો પડેલો ભાસે નહિ અને અંતરમાંથી આકુળતા તૂટે નહિ ત્યાં સુધી સાચી શાંતિ આવતી નથી, છતાં જો મંદ કષાયમાં શાંતિ માની લે તો તેને યથાર્થ જિજ્ઞાસા જ નથી. જેને સાચી જિજ્ઞાસા હોય તે ક્યાંય ભૂલ ખાતો નથી અને અટકતો નથી. તેને મંદ કષાયમાં સંતોષ આવતો જ નથી. મને હજી કાંઈ થયું જ નથી તેમ તેને લાગે. અંદરમાંથી જુદી દશા ભાસવી જોઈએ તે ભાસી નથી—જુદી દશા આવી નથી—તેને સંતોષ આવે જ નહિ. જો સંતોષ આવી જાય અને થોડામાં ઘણું માની લે તો તેને પુરુષાર્થની મર્યાદા આવી જાય છે. સાચા આત્માર્થીને પુરુષાર્થની મર્યાદા આવે જ નહિ. તેને એમ થાય કે હજી અંદરમાં કરવાનું બાકી છે, હજી અંતરમાંથી શાંતિનો પલટો આવવો જોઈએ તે આવ્યો જ નથી. ભલે મંદ કષાય હોય, પણ અંદર કાંઈ ભાસતું જ નથી. શાંતિ લાગે છે, પણ આત્માનું કોઈ જુદું સ્વરૂપ ભાસ્યું નથી. આમ સાચો આત્માર્થી હોય તે સંતોષ માને જ નહિ.

***પ્રશ્ન* :—**હંમેશાં કહેવામાં આવે છે કે રુચિ ખૂબ વધારવી, જ્ઞાનના ઉઘાડની બહુ જરૂર નથી. તો રુચિ વૃદ્ધિગત કેમ કરવી?

**સમાધાન :—**પોતે પુરુષાર્થ કરીને કરે તો રુચિ વૃદ્ધિગત થાય. પોતાને કરવાનું રહે છે. તેને બીજે ક્યાંય વિશ્રાંતિ કે શાંતિ લાગે નહિ તો આત્મા તરફ વળ્યા વિના રહે નહિ. અશુભ ભાવમાં તો વિશ્રાંતિ નથી, પણ શુભભાવોમાં પણ વિશ્રાંતિ નથી, તે આકુળતારૂપ છે એમ ક્યાંય વિશ્રાંતિ ન લાગે તો વિશ્રામસ્થાન આત્મા છે તેના તરફ વળ્યા વગર રહે નહિ.

વૃહત અનંક નિરંશ અંશગુણસિન્ધુ ગુણાલય,
લક્ષ્મીપતિ લીલાનિધાન વિતપતિ વિગતાલય;

પણ તે ચારેકોર બહારમાં અટકી જાય છે, એટલે અંદર જતાં તેને મુશ્કેલી પડે છે.

મુમુક્ષુ :—અનુભવ પહેલાં અંતરમાં બલાત્કારે જવાતું હશે કે સહજપણે જવાય છે?

બહેનશ્રી :—અંતરમાં બલાત્કારે જવાતું નથી. જ્ઞાનીની સહજદશા છે તેની વાત તો જુદી છે, છતાં જિજ્ઞાસુ પણ કાંઈ પરાણે અંતરમાં જતો નથી. અંદર પોતાને રુચે છે—ગમે છે એટલે જાય છે, તેને પરાણે નથી કરવું પડતું. જિજ્ઞાસુને બહારમાં ક્યાંય રુચતું નથી એટલે પોતે પોતાના ચૈતન્યને શોધ્યા વગર રહેતો જ નથી અર્થાત્ એના આશ્રયભૂત જે ચૈતન્યની ભૂમિ છે તેને ગોત્યા વગર રહેતો જ નથી. ચૈતન્યની ભૂમિમાં જાઉં તો શાંતિ મળશે એવો વિશ્વાસ છે એટલે પરાણે–પરાણે કરવું પડે તેમ નથી, પરંતુ પોતાની રુચિ જ પોતાને તે તરફ લઈ જાય છે.

***પ્રશ્ન*** :—શુભમાં પણ આકુળતા છે. છતાં જીવને શુભની અંદર શાંતિ જણાય છે. તેમાં રોકાઈ જવાય છે તો શું કરવું?

**સમાધાન** :—શુભભાવમાં અજ્ઞાનીને શાંતિ લાગે એટલે તેમાં રોકાઈ જાય છે, પણ તે વાસ્તવિક શાંતિ છે જ નહિ. અંદર સૂક્ષ્મતાથી વિચાર કરે તો એક પછી એક વિકલ્પની ઘટમાળ ચાલે છે તેમાં અશાંતિ છે, સુખ નથી. સુખ તેનું નામ કે જે સહજપણે અંતરમાંથી પ્રગટ્યા જ કરે. તે કાંઈ કૃત્રિમપણે લાવવું ન પડે, પણ અંદર સહજ તત્ત્વમાં છે તેમાંથી આવ્યા જ કરે. જેમ બરફમાંથી ઠંડક તેની મેળાએ આવ્યા જ કરે છે તેમ પોતામાંથી શાંતિ–આનંદ આવ્યા જ કરે છે, લાવવા પડતા નથી.

મુમુક્ષુ :— બરફને અડીએ તો ઠંડક અનુભવમાં આવી જાય છે. આમાં આનંદ ભર્યો છે તે આનંદની ચખણી અનુભવ પહેલાં કઈ રીતે આવે?

બહેનશ્રી :—જ્ઞાન દ્વારા પહેલાં નક્કી કરે. પહેલાં સ્વાનુભવ હોતો નથી. પહેલાં આગમ, યુક્તિ અને પરીક્ષા કરી લક્ષણ ઓળખીને નક્કી કરે. પોતે લક્ષણ–યુક્તિથી નક્કી કરી આગળ જાય છે. પહેલાં અનુભવમાં ક્યાંથી આવે? (ન આવે).

મુમુક્ષુ :—અનુભવ પહેલાં પણ પાકો નિર્ણય થઈ જાય કે આ જ મારું ઉપાદેય તત્ત્વ છે?

બહેનશ્રી :—આ જ મારું ઉપાદેય તત્ત્વ છે. તેમાં આનંદ છે, અનંત શક્તિ ભરેલી છે અર્થાત્ તેમાં વિભૂતિ ભરેલી છે—તેમ પહેલાં પાકો નિર્ણય થઈ જાય. ભલે અનુભવ નથી તો પણ પ્રથમ નિર્ણય થાય છે.

| | | | |
|---|---|---|---|
| ચન્દ્રવદન | ગુણસદન | ચિત્રધર્મ | સુખથાનક, |
| બ્રહ્મચારી | વજવીચ | બહુવિધિ | નિરવાનક. ૫૧ |

## બાળ વિભાગ

## શ્રી દેશભૂષણ-કુલભૂષણ કેવળીના પૂર્વભવો

(૨)

હવે તે ઉદિત અને મુદિત (દેશભૂષણ અને કુલભૂષણ) બંને ભાઈઓના જીવો સ્વર્ગમાંથી નીકળીને એક રાજાને ત્યાં રત્નરથ અને વિચિત્રરથ નામના કુમારો થયા. અને ભીલનો જીવ પણ જ્યોતિષીદેવમાંથી નીકળીને આ બંનેનો ભાઈ થયો. જુઓ તો ખરા, કર્મની વિચિત્રતા! પૂર્વનો વેરી અત્યારે ભાઈ થયો! કોને કહેવો વેરી ને કોને કહેવો ભાઈ! અત્યારે પણ પૂર્વના વેરસંસ્કારથી તે આ બંને ભાઈઓ પ્રત્યે વેર રાખવા લાગ્યો. આથી બંને ભાઈઓએ તેના દેશમાંથી કાઢી મૂક્યો તે દંભી—તાપસ થઈને વિષયાંધપણે મર્યો ને અનેક ભવમાં રખડતો રખડતો પાછો જ્યોતિષી દેવ થયો. તેનું નામ અગ્નિપ્રભ.

આ બાજુ રત્નરથ અને વિચિત્રરથ એ બંને ભાઈઓ વૈરાગ્ય પામી રાજપાટ છોડી મુનિ થયા.... ને સમાધિમરણ કરી સ્વર્ગમાં ગયા.

(૩)

ત્યાંથી નીકળીને તે બંને જીવો સિદ્ધાર્થ નગરીના રાજાને ત્યાં દેશભૂષણ ને કુલભૂષણ તરીકે અવતર્યા : પોતાની બહેનને દેખીને, અજાણપણે બંને તેના પર મોહિત થયા, અને તેને પરણવા માટે એકબીજા સાથે લડવા ને એકબીજાને મારવા પણ તૈયાર થયા. પણ જ્યાં ખબર પડી કે અરે, જેને માટે આપણે લડીએ છીએ તે તો આપણી બહેન છે!—તે ખબર પડતાં જ બંને એવા શરમાઈ ગયા કે નગર છોડી વનમાં ચાલ્યા ગયા ને જિનદીક્ષા લઈને મુનિ થયા. પછી જ્યારે તેઓ આત્મધ્યાનમાં હતા ત્યારે પૂર્વનો વેરી અગ્નિપ્રભ દેવ તેમને ઉપસર્ગ કરતો હતો. રામ લક્ષ્મણે તેને ભગાડીને ઉપસર્ગ દૂર કર્યો ને બંને મુનિઓને કેવળજ્ઞાન થયું. તે બંને કેવળી ભગવંતો વિહાર કરતાં કરતાં અયોધ્યા નગરીમાં પધાર્યા ને ભરતને તથા હાથીના જીવને પ્રતિબોધ્યા.... પછી કુંથલગિરિથી મોક્ષ પધાર્યા. તે ભગવંતોને નમસ્કાર હો.

ભગવાન શ્રી મુનિસુવ્રત ભગવાનના શાસનકાળમાં શ્રી દેશભૂષણ અને કુલભૂષણ નામના કેવળી થયા હતા. રામચંદ્રજી અને લક્ષ્મણજીનું રાવણ સાથે યુદ્ધ થયું તેમાં રાવણને હરાવ્યો અને સીતાજી સાથે અયોધ્યા આવતા સમયે ત્રિલોકમંડન હાથીને પણ સાથે લાવ્યા. તે હાથી કે જે તેમના ૪૨ લાખ હાથીઓમાં બધાથી મોટો હતો તથા શ્રીરામના ભાઈ ભરત કે જેઓ વૈરાગી હતા તેમનો અને હાથીનો એક પ્રસંગ બન્યો કે જેમાં હાથી જેવા પ્રાણીને પણ જાતિસ્મરણ થવાથી હૃદય પરિવર્તન થાય છે તે કથા આપવામાં આવે છે.

# ત્રિલોકમંડન હાથી

વાત રામચંદ્રજીના સમયની છે. એક હાથી હતો... ખૂબ જ મોટો હાથી ! ખૂબ જ સુંદર હાથી !

એકવાર લંકાના રાજા રાવણને સમ્મેદશિખર-ક્ષેત્ર જોઈને ખૂબ આનંદ થયો, તેથી તેણે પર્વતની પાસે જ પોતાનો પડાવ નાખ્યો અને થોડા સમય માટે ત્યાં રોકાઈ ગયો.

ત્યાં એકાએક મેઘ-ગર્જનાના સમાન એક હાથીનો અવાજ સંભળાવા લાગ્યો, લોકો ભયના માર્યા ભાગવા લાગ્યા, લશ્કરના હાથી, ઘોડા આદિ પણ ડરથી ચિત્કાર કરવા લાગ્યા. રાવણે પણ તેનો કોલાહલ સાંભળીને જોયું તો એક ખૂબ જ વિશાળ, બળશાળી હાથી ઝૂમતો-ઝૂમતો ચાલ્યો આવે છે, આ તેની જ ગર્જના છે અને તેનાથી ડરીને લોકો ભાગી રહ્યા છે. હાથી ખૂબ જ સુંદર હતો. આવા મદમસ્ત હાથીને જોઈને રાવણ ખુશી થયો, તેને તે હાથી ઉપર સવારી કરવાનું મન થયું. તે હાથીને પકડવા માટે તે સામે ગયો, રાવણને જોઈને તે હાથી રાવણ બાજુ દોડવા લાગ્યો, લોકોને આશ્ચર્યથી જોવા લાગ્યા કે જોઈએ કે હવે શું થાય છે ?

રાજા રાવણ ખૂબ જ બહાદુર હતો, 'ગજકેલી'માં એકલો જ હાથીની સાથે રમવાની કળામાં તે હોશિયાર હતો. પહેલા તો તેણે કાપડનો દડો બનાવીને હાથીની સામે ફેંક્યો, જ્યારે હાથી તે કપડાના દડાને સૂંઘવા રોકાયો, ત્યારે રાવણ છલાંગ મારીને તે હાથીના માથા ઉપર ચડી ગયો અને તેના કુંભસ્થળ ઉપર મુઠ્ઠીથી પ્રહાર કરવા લાગ્યો.

હાથી ગભરાઈ ગયો, તેણે સૂંઢ ઉંચી કરીને રાવણને પકડવાની ખૂબ ચેષ્ટા કરી તોપણ રાવણ તેના દંતશૂળની વચ્ચેથી નીચે સરકીને ઉતરી ગયો. આ પ્રમાણે રાવણે કેટલીય વાર હાથીની સાથે રમીને હાથીને થકવી દીધો અને પછી રાવણ હાથીની પીઠ ઉપર ચડી ગયો. આમ હાથી પણ રાજા રાવણને સમજી ગયો હોય—એમ શાંત થઈને વિનયવાન સેવકની જેમ ઊભો રહી ગયો. રાવણ તે હાથી ઉપર બેસીને પોતાની છાવણીમાં આવ્યો. ત્યાં ચારેકોરથી તેની જય-જયકાર થવા લાગી.



રાવણને આ હાથી ખૂબ જ ગમ્યો તેથી તે તેને લંકા લઈ આવ્યો. લંકા જઈને તે હાથી પ્રાપ્તિની ખુશીમાં ઉત્સવ મનાવીને તેનું નામ "ત્રિલોકમંડન" રાખ્યું. રાવણના લાખો હાથીઓમાં તે મુખ્ય હાથી હતો.


જ્યારે રાવણ સીતાનું હરણ કરીને લઈ ગયો, ત્યારે રામ-લક્ષ્મણે ચડાઈ કરીને રાવણને હરાવ્યો અને સીતાને લઈને અયોધ્યા આવ્યા, તે સમયે લંકાથી તે ત્રિલોકમંડન હાથીને પણ સાથે લઈ આવ્યા. રામ-લક્ષ્મણના ૪૨ લાખ હાથીઓમાં તે સૌથી મોટો હાથી હતો અને તેનું ખૂબ જ માન હતું.

રામના ભાઈ ભરત અત્યંત વૈરાગી હતા. જેમ શિકારને જોઈને હરણ ભયભીત થાય છે, તે પ્રમાણે ભરતનું ચિત્ત સંસારના વિષયભોગોથી વિરક્ત હતું અને તેઓ સંસારથી વિરક્ત થઈને મુનિ થવા માટે ઉત્સુક હતા.

જે પ્રમાણે પિંજરામાં પૂરાયેલો સિંહ ઉદાસ રહે છે અને વનમાં જવાની ઈચ્છા કરે છે, તે પ્રમાણે ભરત ગૃહવાસરૂપી પિંજરાથી છૂટીને વનવાસી મુનિ થવા ચાહે છે. પરંતુ રામ-લક્ષ્મણે આગ્રહ કરીને તેમને રોકી લીધા. તેમણે ઉદાસીન થઈને થોડો સમય તો ઘરમાં વીતાવ્યો, પણ તેઓ હવે રત્નત્રયરૂપી જહાજમાં બેસીને સંસાર-સમુદ્રથી પાર થવા માટે તૈયાર હતા.

એકવાર ભરત સરોવર કિનારે ગયા હતા, ગજશાળામાં બાંધેલો ત્રિલોકમંડન હાથી કોઈ કારણસર વિચલિત થઈને ગર્જના કરવા લાગ્યો. અને બંધન તોડીને ભયંકર અવાજ કરતો ભાગવા લાગ્યો. હાથીની ગર્જના સાંભળીને અયોધ્યાવાસી ભયભીત થઈ ગયા, હાથી તો દોડવા લાગ્યો. રામ-લક્ષ્મણ તેને પકડવા માટે તેની પાછળ દોડવા લાગ્યા. દોડતો-દોડતો તે હાથી સરોવરને કિનારે જ્યાં ભરત હતો ત્યાં આવ્યો. લોકો ચિંતીત થઈ ગયા કે અરેરે ! હવે શું થશે ? રાણીઓ અને પ્રજાજનો રક્ષા માટે ભરત પાસે આવ્યા. તેમની માતા કૈકેયી પણ ભયને મારે હાહાકાર કરવા લાગી.

તે દોડતો હાથી અચાનક ભરત પાસે આવીને એકદમ ઊભો રહી ગયો, ભરતે



હાથીને જોયો અને હાથીએ ભરતને જોયો. બસ, ભરતને જોતા જ હાથી એકદમ શાંત થઈ ગયો અને તેને જાતિસ્મરણજ્ઞાન થઈ ગયું. તેમાં તેણે જાણ્યું કે "અરે ! અમે બંને સાથે મુનિ થયા હતા અને પછી છઠ્ઠા સ્વર્ગમાં પણ બંને સાથે હતા. અરેરે ! પૂર્વભવમાં હું અને ભરત બંને સાથે જ હતા, પણ મેં ભૂલ કરી તેથી હું દેવમાંથી પશુ થયો. અરે ! આ પશુપર્યાયને ધિક્કાર છે !" (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૦ થી ચાલુ) (વૈરાગ્ય-અનુપ્રેક્ષા)

## સમ્યક્ત્વ-મહિમા

दंसणभट्टा भट्टा दंसणभट्टस्स णत्थि णिव्वाणं ।

सिज्झंति चरियभट्टा दंसणभट्टा ण सिज्झंति ।।१९।।

જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે તે જ ભ્રષ્ટ છે, સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ મનુષ્યનો મોક્ષ થતો નથી. જે ચારિત્રથી ભ્રષ્ટ છે તે તો (ફરીથી ચારિત્ર ધારણ કરી લેવાથી) સિદ્ધ થઈ જાય છે પરંતુ જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે તે સિદ્ધ થઈ શકતા નથી.

ભાવાર્થ :—જે મનુષ્ય સમ્યગ્દષ્ટિ તો છે પરંતુ ચારિત્રમોહનો તીવ્ર ઉદય આવી જવાથી ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાય છે. તે ફરીથી ચારિત્રને ધારણ કરી મોક્ષ પ્રાપ્ત કરી લ્યે છે પરંતુ જે સમ્યગ્દર્શનથી પણ ભ્રષ્ટ થઈ ગયા છે તેને મોક્ષ પ્રાપ્ત કરવો સરળ નથી. ૧૯.

एक्कोहं णिम्ममो सुद्धो णाणदंसणलक्खणो ।

सुद्धेयत्तमुपादेयमेवं चिंतेइ संजदो ।।२०।।

હું એકલો છું, મમત્વ રહિત છું, શુદ્ધ છું તથા જ્ઞાન-દર્શનરૂપ લક્ષણથી યુક્ત છું તેથી શુદ્ધ એકત્વભાવ જ ઉપાદેય છે—ગ્રહણ કરવા યોગ્ય છે. આ પ્રકારે સંયમી સાધુએ સદા ચિંતવવું જોઈએ. ૨૦. (ક્રમશઃ) ❊

---

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જાન્યુઆરી – ૨૦૨૨ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) ૨, ૩ | (૭) પોતાનું – પોતાને | (૧૪) મન—વિચારશક્તિ |
| (૨) અનંત | (૮) અનંતા | (૧૫) અસંખ્યાતા |
| (૩) સુખ | (૯) સિદ્ધ | (૧૬) મિથ્યાત્વ |
| (૪) દુઃખ | (૧૦) મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર | (૧૭) મોક્ષમાર્ગ |
| (૫) નિજાત્માને (શુદ્ધાત્મા, આત્મા) | (૧૧) અનંતા | (૧૮) વીતરાગ વિજ્ઞાન |
| | (૧૨) શુદ્ધાત્મા | (૧૯) મોક્ષ |
| (૬) વીતરાગવિજ્ઞાન | (૧૩) સંખ્યાતા | (૨૦) વીતરાગ વિજ્ઞાનતા |

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૩૦ થી ૬-૫૦ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૪૫ થી ૯-૪૫ : શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ : શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

## વૈરાગ્ય સમાચાર :–

* અમદાવાદ સોનગઢના મુમુક્ષુ રાજેન્દ્રભાઈ ચુનીલાલ દામાણીનું તા. ૨૫-૧૨-૨૦૨૧ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* વસઈ નિવાસી શ્રી હસમુખભાઈ ધીરજલાલ શેઠ (ઉ.વ. ૭૧)નું તા. ૨૮-૧૨-૨૦૨૧ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* સુરેન્દ્રનગર નિવાસી (હાલ અમદાવાદ) શ્રી રમેશચંદ્ર નારણદાસ શાહના પત્ની શ્રીમતી મંજુલાબેન (ઉ.વ. ૮૦)નું તા. ૩૦-૧૨-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ખૂબ જ ધાર્મિક રુચિવંત હતા. અવારનવાર સોનગઢ આવી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા તથા ધાર્મિકકાર્યોમાં ઉત્સાહપૂર્વક, તન-મન-ધનથી લાભ લેતા હતા.
* ઘાટકોપર–સોનગઢ નિવાસી શ્રી કુસુમબેન નવનીતભાઈ દોશી (ઉ.વ. ૮૯)નું તા. ૩૧-૧૨-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ ઘણા વર્ષોથી સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લીધો હતો.
* ફતેપુર નિવાસી (હાલ અમદાવાદ) શ્રીમતી સુરેખાબેન અજિતકુમાર મહેતા તા. ૨-૧-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* બોરીવલી-સોનગઢ નિવાસી શ્રી રેખાબેન કિશોરભાઈ ઝોબાળિયા (ઉ.વ. ૭૯)નું તા. ૯-૧-૨૦૨૨ના રોજ ટૂંકી બીમારીમાં દેહપરિવર્તન થયેલ છે. તેઓશ્રીએ બોરીવલી પ્રતિષ્ઠામાં ભગવાનના માતા-પિતા બનવાનો લાભ લીધેલ હતો. તેઓ ઘણાં વર્ષોથી સોનગઢ રહી લાભ લેતા હતાં. તેમની પ્રતિષ્ઠામાં તથા સોનગઢમાં ઘણો જ લાભ લેવાની ભાવના હતી.
* સોનગઢ નિવાસી શ્રી મંજુલાબેન મનહરલાલ પારેખ (ઉ.વ. ૮૭) તા. ૧૪-૧-૨૦૨૨ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓએ ઘણા વર્ષોથી સ્થાયી સોનગઢ રહી તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો.

  સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# ૨૧મી બાલ સંસ્કાર અધ્યાત્મિક જ્ઞાન શિબિર સોનગઢમાં સાનંદ સંપન્ન

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાની સાધનાભૂમિ સોનગઢમાં દર વર્ષે નાતાલના વેકેશનમાં બાળકો અને વડીલો માટે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત શિબિર અને યાત્રાનું આયોજન થાય છે. આ વર્ષે આ આયોજન તા. ૨૪-૧૨-૨૦૨૧ થી તા. ૩૦-૧૨-૨૦૨૧ સુધી રાખેલ હતું. આ શિબિરના સૌજન્યનો લાભ **Mumukshu Mandal Of Grand Rapid & Rajul Shah Florida (U.S.A.)**ને મળેલ હતો.

આ વર્ષ આપણે સૌ 'સમયસાર શતાબ્દી વર્ષ' તરીકે મનાવીએ છીએ. તેથી શિબિરની થીમ પણ 'સમયસાર' ઉપર જ આધારિત રાખવામાં આવી હતી. નાના-મોટા બાળકો તેમજ વડીલોનાં કુલ ૬ ક્લાસ વય પ્રમાણે રાખવામાં આવેલ, આ સાથે **Zoom** દ્વારા લાઈવ પણ બતાવવામાં આવેલ.

આ વર્ષે ૨૫૦ જેટલા બાળકો સાથે કુલ ૭૦૦ મુમુક્ષુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. **Zoom/You Tube**ના માધ્યમથી લગભગ ૬૦૦ થી વધારે સંખ્યામાં મુમુક્ષુ જોડાયા હતા.

સમયસાર પૂર્વરંગ, ઉપોદ્‌ઘાત, દૃષ્ટાંત સે સિદ્ધાંત તક, પદાર્થનું બંધારણ, ભેદજ્ઞાન, સમ્યક્‌દર્શન વગેરે જેવા વિષયો પર ક્લાસ અને તેની સાથે રોજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ જેવા કે ધાર્મિક અંતાક્ષરી, ક્વીઝ, હાઉઝીની રમત વિગેરેના આયોજન થયા હતાં.

યાત્રા : આ શિબિર સાથે પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સ્થાપિત મંદિરો દહેગામ, રખિયાલ, ફતેપુર, હિંમતનગર તથા તારંગાજી સિદ્ધક્ષેત્ર વગેરેની યાત્રાનો લાભ મળેલ હતો. આ દરેક સ્થળે ત્યાંના મુમુક્ષુઓ દ્વારા યાત્રાળુ શિબિરાર્થીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ શિબિર દરમ્યાન શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અને કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત સંકુલમાં સુંદર આવાસ અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

---

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન જાન્યુઆરી– ૨૦૨૨ના ઉત્તર

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ✓ | (૫) | ✓ | (૯) | ✓ | (૧૩) | ✗ | (૧૭) | ✗ |
| (૨) | ✗ | (૬) | ✗ | (૧૦) | ✓ | (૧૪) | ✗ | (૧૮) | ✗ |
| (૩) | ✗ | (૭) | ✓ | (૧૧) | ✓ | (૧૫) | ✗ | (૧૯) | ✗ |
| (૪) | ✗ | (૮) | ✗ | (૧૨) | ✗ | (૧૬) | ✓ | (૨૦) | ✓ |

# SMS સ્પર્ધા-૨૦૨૨

**સૌજન્યકર્તા : એક મુમુક્ષુ**

(૧) SMS સ્પર્ધા-૨૦૨૨માં ભાગ લેવા માટે ઓછામાં ઓછા ૩૦૦ SMS સ્વહસ્તાક્ષરમાં તારીખ સાથે લખવા આવશ્યક છે. સ્પર્ધાનો સમય ૧-૧-૨૦૨૨ થી ૨૦-૧૨-૨૦૨૨

(૨) ઉપરોક્ત સમય દરમ્યાન મોકલેલા SMS માંથી ૫૦ માર્કસનું એક પ્રશ્નપત્ર કાઢવામાં આવશે. જેના જવાબો સોનગઢમાં ડિસેમ્બર-૨૦૨૨ની શિબિર વખતે પરીક્ષાખંડમાં બેસી લખવાના રહેશે.

(૩) આ સ્પર્ધાની લેખિત પરીક્ષામાં ભાગ લેનારાઓ માટે બે વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

(A) ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :
બાળકો પોતાના વડીલોના મોબાઈલમાંથી SMS લખીને પરીક્ષામાં ભાગ લઈ શકે છે.
A વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.
પ્રથમ ૧૫૦૦/- દ્વિતીય ૧૦૦૦/- તૃતીય ૫૦૦/- રૂપિયા

(B) ૧૪ વર્ષથી ૩૦ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
B વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.
પ્રથમ ૧૫૦૦/- દ્વિતીય ૧૦૦૦/- તૃતીય ૫૦૦/-રૂપિયા

પ્રથમ ત્રણ સ્પર્ધકો સિવાય, ૩૦૦ SMS લખી નોટબુક તા. ૨૫-૧૨-૨૦૨૨ સુધીમાં સોનગઢ મોકલનાર (જેમાં ૩૦ વર્ષથી મોટા પણ ભાગ લઈ શકશે.) દરેકને રૂા. ૩૦૦/- નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે. તથા પ્રશ્નપત્ર લખવા પરીક્ષામાં બેસનાર દરેકને રૂા. ૧૦૦/- નું વધારાનું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

(૪) તદ્ઉપરાંત જે સ્પર્ધકોએ પોતાની SMS બુકને વિશેષરૂપથી સુશોભિત કરી હશે તેમને નીચે મુજબના પુરસ્કાર આપવામાં આવશે.

(A) ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :
પ્રથમ ૨૦૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/- રૂપિયા

(B) ૧૪ વર્ષથી ૩૦ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
પ્રથમ ૨૦૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/-રૂપિયા

(C) ૩૦ વર્ષથી ઉપરની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
એક ઈનામ ૧૫૦૦/-

(૫) SMS સુવિધા WhatsAppમાં શરૂ કરાવવા માટે આપે પોતાનું

૧. નામ : ____________________ ૨. ગામનું નામ : ____________

૩. ગુજરાતી/હિંદી :____________ ૪. મોબાઈલ નંબર : ______________ ની

વિગત Whats Appથી Mo : 9276867578 / 9372136358 ઉપર મોકલવી.

SMS સંબંધી માર્ગદર્શન માટે મોબાઈલ નં. 9276867578 પર ફોન કરવો અથવા contact@kanjiswami.org પર ઈ મેઈલ કરવા વિનંતી.

## (૧૦૨)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ વાક્યોમાંથી જેના જવાબ સાચા હોય તેની આગળ ✓ નિશાની કરો અને જેના જવાબ ખોટા હોય તેની આગળ ✕ નિશાની કરો.

(૧) એક સમ્યગ્દષ્ટિ જીવ મરીને જ્યોતિષી દેવોનો ઈન્દ્ર થયો. .........

(૨) એક જીવ તીર્થંકર પ્રકૃતિ બાંધી પછી મરીને ત્રીજી નરકે ગયો. .........

(૩) સૌથી વધુ તીર્થંકરોએ સમ્મેદશિખરમાં જન્મ લીધેલ છે. .........

(૪) એક જીવ આત્માને ઓળખીને મુનિ થયો બાદ ક્ષપકશ્રેણી માંડી સ્વર્ગમાં ગયો. .........

(૫) એક જીવ બે ઘડીમાં આત્માને ઓળખી મુનિ થઈ ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાન લઈ મોક્ષમાં ગયો. .........

(૬) દ્રવ્યલિંગી મુનિ ૯મી ગ્રૈવેયકથી નીકળી ત્યાંથી સીધો મોક્ષમાં જાય છે. .........

(૭) નારકી જીવ મરીને સીધો સ્વર્ગમાં ઉત્પન્ન થયો. .........

(૮) પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીને ચાર ભાઈ હતા. .........

(૯) કૌશલ્યા રાણીનાં કહેવાથી શ્રી રામચંદ્રજીને ૧૪ વર્ષનો વનવાસ થયો હતો. .........

(૧૦) પૂજ્ય બહેનશ્રીને સમ્યક્દર્શન વઢવાણમાં થયું હતું. .........

(૧૧) પંચ પરમાગમ જિનવાણી ધરસેનાચાર્યે બનાવેલ છે. .........

(૧૨) મોક્ષમાર્ગપ્રકાશકના રચયિતા પં. ટોડરમલજી હતા. .........

(૧૩) નિશ્ચયનય વગરનો વ્યવહાર સાચો કહેવાતો નથી. .........

(૧૪) વ્રત પાળતાં પાળતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જશે. .........

(૧૫) સમવસરણમાં ધ્વજા દસ પ્રકારની હોય છે. .........

(૧૬) સમયસાર કળશની રચના પંડિત રાજમલજી પાંડેએ કરી હતી. .........

(૧૭) પહેલાં દ્રવ્યમોક્ષ થાય છે પછી ભાવમોક્ષ થાય છે. .........

(૧૮) કુંદકુંદાચાર્યદેવ મનઃપર્યયજ્ઞાની હતા. .........

(૧૯) સીમંધર ભગવાનના પિતાનું નામ શ્રેયાંસરાજા અને માતાનું નામ સત્યદેવી હતું. .........

(૨૦) શ્રીકૃષ્ણનું મૃત્યુ બળદેવના હસ્તક થયું હતું. .........

(જાન્યુઆરી ૨૦૨૨ પ્રશ્નોના ઉત્તર પેજ નં. ૩૧)

## (૧૦૨) બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની પહેલી ઢાળમાંથી મળશે.)

(૧) ૐ માં .............. ................ અને .................. ના ભાવ સમાયેલા છે.

(૨) સિદ્ધ ભગવંતો અને નિગોદિયા જીવો એક જગ્યામાં .............. છે.

(૩) સિદ્ધ કરતા નિગોદના જીવો ............. ગુણા છે.

(૪) ચાર ગતિમાં સૌથી થોડા જીવો .............. ગતિમાં હોય છે.

(૫) મનુષ્યના જ ભવ ઉપરાઉપરી ................ થઈ શકે છે.

(૬) પોતાના સવળા ભાવથી જીવ ............. અને અવળાભાવથી ............ થાય છે.

(૭) જીવને દુઃખ .................. નું છે.

(૮) આત્મા પોતાના ............... થી જ સુખી છે.

(૯) જીવ જાગે તો .................... માં કેવળજ્ઞાન લઈ શકે છે.

(૧૦) દેહ છૂટતા મરણની બીક ............. ને હોય છે.

(૧૧) ............ ની જમીનનો સ્પર્શ હજારો ............... ના ડંખ જેવો હોય છે.

(૧૨) જીવોને સ્વર્ગ અને નરક ........... અને ........... ફળ ભોગવવાના સ્થાન છે.

(૧૩) સિદ્ધપદના સુખમાં જીવ ............. કાળ રહે છે.

(૧૪) નરકનું આયુ ............. ને જ બંધાય, સમ્યક્દૃષ્ટિને ............... બંધાય.

(૧૫) નરકના જીવો ................. સંજ્ઞી હોય છે.

(૧૬) જીવને જેટલી ............. તેટલું સુખ અને જેટલો ............ તેટલું ........... છે.

(૧૭) નરકમાંથી જીવ નીકળી .............. થાય કાં તો .......... થાય.

(૧૮) મોંઘું મનુષ્યપણું પામી ................. પ્રગટ કરવું અપૂર્વ છે.

(૧૯) ચંદ્ર અને સૂર્ય દેખાય છે તે ............. દેવોના વિમાનો છે.

(૨૦) સ્વર્ગ અને નરકમાં ............... જીવો સુખી હોય છે.

(જાન્યુઆરી ૨૦૨૨ પ્રશ્નોના ઉત્તર પેજ નં. ૨૯)

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● ખાસ પ્રકારની પાત્રતા એટલે શું ?—કે જેને માત્ર આત્મા જ જોઈએ છે. એ સિવાય માન જોઈએ કે બહાર પડવાનો ભાવ—એ કાંઈ નથી એ ખાસ પ્રકારની પાત્રતા છે. ૪૯૨.

● સતીઆ સત્ નવ છોડીએ. સત્ છોડ્યે સત્ જાય. એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ્ સત્ છે. દરેક પર્યાયનો ઉત્પાદ પોતાથી સત્ છે. એ સત્ પર્યાયને આડી-અવળી કરીશ નહીં. બીજાથી સત્ પર્યાયનો ઉત્પાદ થાય તેમ માનીશ નહી. નિમિત્તથી ઉત્પાદ થતો નથી. ભાઈ, સુખી થવું હોય તો સત્ જેમ છે તેમ તારી શ્રદ્ધા રાખજે. આહાહા, આવી સ્વતંત્રતાની વાત જૈનદર્શન વિના બીજે ક્યાંય નથી. ૪૯૫.

● જેને આત્માનો વિશ્વાસ આવ્યો એને કોઈ વિઘ્ન જ નથી એવી એ ચીજ છે. ૪૯૬.

● સમ્યગ્દષ્ટિ પાંચ ઇન્દ્રિયના વિષયના અશુભ રાગમાં આવે છે પણ ત્યાંથી ખસીને ધ્યાનમાં બેસતા નિર્વિકલ્પમાં જામી જાય છે, એનું કારણ એનું જોર પૂર્ણ વસ્તુ ઉપર છે. વચ્ચે વિકલ્પ આવ્યો પણ એનાથી તરતો... તરતો...તરતો છે. ૪૯૭.

● ગમે તેવી કટોકટીમાંથી પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો. અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે. અનેક પ્રકારની પ્રતિકૂળતા આવી પડે. પુત્રાદિનું મરણ થાય, શરીરમાં રોગ આકરા આવી પડે, અન્ય અનેક પ્રકારની પ્રતિકૂળતા આવી જાય તોપણ પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લેવો. જીવન વ્યર્થ જવા ન દેવું. ૪૯૮.

● પ્રશ્ન :—પર્યાય તે સમયની સત્ છે. નિશ્ચિત છે, ધ્રુવ છે, તેમ કહેવાનું શું પ્રયોજન છે ?

ઉત્તર :—પર્યાય તે સમયની સત્ છે. નિશ્ચિત છે, ધ્રુવ છે તેમ બતાવીને તેના ઉપરનું લક્ષ છોડાવી ધ્રુવ દ્રવ્ય ઉપર લક્ષ કરાવવાનું પ્રયોજન છે. ૪૯૯.


● પ્રશ્ન :—સમ્યગ્દર્શન નહીં થવામાં ભાવજ્ઞાનની ભૂલ છે કે આગમજ્ઞાનની ભૂલ છે ?

ઉત્તર :—પોતાની ભૂલ છે. સ્વ તરફ નહીં વળતાં પર તરફ રોકાય છે એ જ એની ભૂલ છે. છતી શક્તિ છે તેને અછતી કરી હતી તે તેની ભૂલ છે. એ છતી શક્તિને છતી કરીને જોતાં—દેખતાં એ ભૂલ ટળે છે. (એ રીતે ભાવજ્ઞાનની ભૂલ છે). ૫૦૦.

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૨૨
અંક-૬ ● વર્ષ-૧૬

Posted at Songadh PO
Publish on 1-2-2022
Posted on 1-2-2022

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org